સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી વિરચિત

# હરિસ્મૃતિ

(અઘરા શબ્દોના અર્થની ટિપ્પણી સહિત)



-: પ્રકાશક :-
શ્રીસ્વામિનારાયણ મંદિર,
કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ

INDEX

श्रीस्वामिनारायणो विजयतेतराम्

સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી વિરચિત

# હરિસ્મૃતિ

(અઘરા શબ્દોના અર્થની ટિપ્પણી સહિત)

–: પ્રકાશક :–

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ

## -: હરિસ્મૃતિ :-


| | | |
|---|---|---|
| ગ્રંથકર્તા | : | સદ્.શ્રીનિષ્કુળાનંદ સ્વામી |
| પ્રકાશક | : | શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ |
| પ્રેરક | : | પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ |
| તેરમી આવૃત્તિ | : | સં.૨૦૭૮, ફાગણ વદ-૧ ધુળેટી, તા.૧૯/૦૩/૨૦૨૨ |
| પ્રત | : | ૧૦૦૦૦ |
| કુલ પ્રત | : | ૧૦૧૦૦૦ |
| કિંમત | : | ₹૧૦/- |
| **ISBN** | : | **978-93-83456-46-8** |



© સર્વ હક્ક પ્રકાશકને આધીન


## -: પ્રાપ્તિસ્થાન :-


**શ્રીસ્વા.મંદિર, કુંડળધામ**
મો. : ૯૬૦૧૨ ૯૦૦૦૧
**Website : swaminarayanbhagwan.org**

**શ્રીસ્વા.મંદિર, કારેલીબાગ-વડોદરા**
મો. : ૯૬૦૧૨ ૯૦૦૦૧
**Email :- info@swaminarayanbhagwan.org**





અ. નિ. પ. પૂ. શ્રીઅચલસ્વરૂપદાસજી સ્વામી
ગુરુ : પ. પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

: જન્મ :
૨૮/૦૪/૧૯૬૫
સંવત્-૨૦૨૧, ચૈત્ર વદ-૧૨

: દીક્ષા :
૧૯/૧૧/૧૯૯૯
સંવત્-૨૦૫૬, કા.સુદ-૧૧

: અક્ષરવાસ :
૨૫/૦૬/૨૦૨૧
સંવત્-૨૦૭૭, જેઠ વદ-૧

આ ગ્રંથ અ. નિ. પ. પૂ. શ્રીઅચલસ્વરૂપદાસજી સ્વામીની
પુણ્યસ્મૃતિમાં પ્રકાશિત કરતાં
આનંદની લાગણી અનુભવીએ છીએ.

INDEX

# સપ્રેમ ભેટ

**સુજ્ઞ સ્નેહી શ્રી**...............................................................................................................

**ગામ :** ........................................ **તા. :** ........................................ **જિ. :** ........................................

પરાત્પર પરબ્રહ્મની સ્મૃતિ સર્વે વિપત્તિઓને દૂર કરનારી છે. આ ગ્રંથમાં ભગવાનના દયા, કરુણા, ભક્તવત્સલતા વગેરે ગુણોનું, ભગવાનની સ્વાભાવિક લીલાઓનું, ભગવાનના મહિમાનું ખૂબ જ સરસ આલેખન કર્યું છે. આ ગ્રંથના માધ્યમે ભગવાનની અખંડ સ્મૃતિ રાખવામાં અતિ સરળતા વધે એવી શુભેચ્છા સહ આપશ્રીને આ 'હરિસ્મૃતિ' ગ્રંથ સપ્રેમ ભેટ...

**આપનો સ્નેહી**

**તારીખ** ................................ ............................................

INDEX

# નિવેદન

આધ્યાત્મિક માર્ગની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રભુની પ્રાપ્તિ છે. તે હરિમૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાથી જ મળે છે. મૂર્તિ સિવાય બીજે મન જાય જ નહિ એવી અખંડવૃત્તિ રહેવા લાગે, એટલે કરી કરીને જે કરવાનું હતું તે થઈ ગયું, મેળવવાનું હતું તે મળી ગયું. એટલે જ સ્વયં શ્રીહરિએ કહ્યું છે કે, "ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે તેથી કોઈ મોટી પ્રાપ્તિ નથી." (વચ.પ્ર.૧)

આ અખંડવૃત્તિ માટે શ્રેષ્ઠતમ કોઈ શાસ્ત્ર હોય તો સદ્.નિષ્કુળાનંદસ્વામી વિરચિત 'હરિસ્મૃતિ' છે. જેની પ્રત્યેક પંક્તિ પ્રભુની મૂર્તિને આંખ સમક્ષ તાદૃશ કરાવે છે. વહાલાની વિવિધ લીલાઓ ગાય છે. મહિમા વર્ણવે છે. એટલે આ ગ્રંથ અખંડવૃત્તિ રાખવા માટે અતિશય ઉપયોગી છે.

જેને આ જ જન્મે પુરુષોત્તમનારાયણને પામી જવાનો ઉત્કૃષ્ટ જીવનધ્યેય હોય એવા ભગવદ્ ભક્તો માટે આ ગ્રંથનું વાંચન કે શ્રવણ અવિનાશી અમૃત જેવું આનંદદાયી થાય છે. દેહ મૂક્યા પછી અક્ષરધામમાં જે કરવાનું છે, તેની પ્રૅક્ટિસ આ ગ્રંથ કરાવે છે, પ્રભુમાં દૃઢ પ્રીતિ ઉપજાવે છે, સહેજે જ શ્રીહરિમાં અખંડવૃત્તિ સિદ્ધ કરાવે છે. વળી, કોઈ સકામ ભક્ત આ ગ્રંથના શ્રદ્ધાથી પાઠ કરે છે, તો તેના સર્વ મનોરથો ફળીભૂત થાય છે. માટે સકામ-નિષ્કામ સહુ કોઈને દિવ્ય ચિંતામણિ જેવો આ ગ્રંથ લાભદાયી છે, તેથી સહુ કોઈ આનો ખૂબ જ લાભ લેશો.

જે આ ગ્રંથનો રોજ એક પાઠ કરશે તેનાં સર્વ સંકટ પ્રભુ ટાળશે અને સર્વ રીતે મહાસુખિયા કરશે.

- લિ. સ્વામી જ્ઞાનજીવનદાસજી-કુંડળધામ

INDEX

# અનુક્રમણિકા


- હરિસ્મૃતિ મહાત્મ્ય
- થાળ ચિંતામણિ
- લીલા ચિંતામણિ
- સુખ ચિંતામણિ
- જનમંગલ નામાવલિ
- સ્વરૂપ ચિંતામણિ
- દર્શન ચિંતામણિ
- મહાત્મ્ય ચિંતામણિ
- મૂર્તિ ચિંતામણિ
- વચનામૃત સાર

INDEX

# શ્રીહરિસ્મૃતિ માહાત્મ્ય

## રાગ :- ચોપાઈ

હરિસ્મૃતિનું માહાત્મ્ય ભણું રે, બીજા ગ્રંથોથી છે કોટી ઘણું રે;
સ્વામી નિષ્કુળાનંદ સુખકારી રે, તેણે હૈયામાં ઊંડું વિચારી રે..૦૧
આવો સુખકારી ગ્રંથ કર્યો રે, તેમાં મોંઘો મૂર્તિરસ ભર્યો રે;
સ્વામી નિષ્કુળાનંદ બડભાગી રે, પ્રગટ સહજાનંદ અનુરાગી રે..૦૨
ત્રીશ વર્ષ પ્રગટ પ્રભુ સાથે રે, જમ્યા રમ્યા ફર્યા રહ્યા સાથે રે;
જેવા જાણ્યા માણ્યા સર્વોપરી રે, તેવા લખ્યા છે હિંમત કરી રે..૦૩
આવો ગ્રંથ મળે નહીં ક્યાંઈ રે, મોટાં ભાગ્ય માનો બાઈ ભાઈ રે;
સકામ કે નિષ્કામ બાઈ ભાઈ રે, કે'શે સુણશે ગાશે હરખાઈ રે..૦૪
તેના ઉપર સર્વોપરી શ્રીજી રે, અતિ અતિ અતિશે જાશે રીજી રે;

રાજી થઈને સુખ બહુ દેશે રે, એમાં સંશય રાખશો મા લેશે રે..૦૫
માન મોટાઈ સત્તા ને સંપત્તિ રે, પાઠ કરશો તો પામશો અતિ રે;
સારું ઘર ધંધો કે નોકરી રે, ગાડી બંગલા દેશે શ્રીહરિ રે..૦૬
દેશે પ્યારા પતિ પુત્ર વામ રે, રૂપ ગુણ ઐશ્વર્ય તમામ રે;
વિધવા કે વંધ્યા દુઃખ નાવે રે, જે કોઈ હરિસ્મૃતિ નિત્ય ગાવે રે..૦૭
પુત્ર પરિવારે સંપ રહેશે રે, સર્વે લોકો ધન્ય ધન્ય કહેશે રે;
કાંઈ બગડ્યું હશે તમ હાથે રે, પાઠ કરતાં તે સુધરી જાશે રે..૦૮
રોગ નડતર ભૂત પ્રેત જાશે રે, સાજા તાજા મજાના સહુ થાશે રે;
હરિસ્મૃતિને પ્રેમે કોઈ ગાશે રે, શત્રુ હશે તે મિત્ર થઈ જાશે રે..૦૯
અશાંતિ ઉદ્વેગ ને હતાશા રે, નાશ પામશે માંહિલી નિરાશા રે;
તન મનની નબળાઈ ટળશે રે, નવું બળ ને હિંમત મળશે રે..૧૦

વિદ્યા બુદ્ધિ ને સારો સ્વભાવ રે, દેશે રાજી થઈને મારો માવ રે;
ધર્મ ટાળી કર્યાં હશે પાપ રે, ટળી જાશે તે સર્વે સંતાપ રે..૧૧
હોય હરીફ વિરોધી તમારા રે, મહા બળિયા શત્રુઓ નઠારા રે;
કોઈ બગાડી ન શકે તમારું રે, પ્રેમે પાઠ કરજો તેહ સારુ રે..૧૨
પાઠ પ્રારબ્ધ ફેરવી નાખશે રે, પ્રેમે શ્રીજીના સુખે રાખશે રે;
હરિસ્મૃતિના સાત ચિંતામણિ રે, લેજો અમૃતના દરિયા તે ગણી રે..૧૩
આનો મહિમા છે અપરંપાર રે, પાઠ કરજો સહુ રાખી પ્યાર રે;
કરે સમાજસેવા પુણ્ય દાન રે, ભલે સર્વે તીર્થમાં કરે સ્નાન રે..૧૪
કરે વ્રત તપ જન કોઈ રે, હરિસ્મૃતિના પાઠ સમ નોય રે;
સર્વ પુણ્યથી પુણ્ય છે આ મોટું રે, હરિસ્મૃતિથી સર્વે છે છોટું રે..૧૫
હરિસ્મૃતિ સર્વે દુઃખ ટાળે રે, માયા ટાળી હરિ સુખે વાળે રે;

હરિસ્મૃતિનું માહાત્મ્ય ઘણું રે, કોટી ગૌદાન તેની પાસે અણુ રે..૧૬
રોજે એક જ પાઠ કોઈ કરશે રે, હરિ સર્વે દુઃખો તેનાં હરશે રે;
હરિસ્મૃતિ એક જ વાર ગાય રે, એનું પુણ્ય એટલું કહેવાય રે..૧૭
બીજાં સ્તોત્રો કરોડો કરાય રે, હરિસ્મૃતિની તુલ્ય ન થાય રે;
બીજાં દેવ દેવી ને અવતાર રે, તેના ગ્રંથો ને સ્તોત્રો છે અપાર રે..૧૮
સર્વોપરિની એક ચિંતામણિ રે, મોટી જાણો એ સર્વેથી ઘણી રે;
એવી સાત છે મોંઘી મણિઓ રે, એક એક અમૃત સુખ દરિયો રે..૧૯
માત્ર એક અંજલી કોઈ પીયે રે, શ્રીજી અમરપદ ધામ દિયે રે;
એક મણિ કે ગાવે એક કડી રે, દેવો મુક્તો કહેશે ધન્ય ઘડી રે..૨૦
કોઈ માત્ર અગિયાર પાઠ કરશે રે, તેનું સર્વે જીવન સુધરશે રે;
સર્વે વિઘન ભાગી જાશે રે, ધાર્યું કામ તરત થઈ જાશે રે..૨૧

પાઠ કરશે જો નિષ્કામ ભક્ત રે, થશે શ્રીજીમાં અતિ આસક્ત રે;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ રે, પાઠ કર્યાથી વધશે અતિ રે..૨૨
મળશે સાચા સંત શ્રીજી સેવા રે, મળશે મનમાન્યાં સુખ મેવા રે;
રે'શે અખંડ શ્રીહરિ યાદ રે, ટળશે કામ ક્રોધ લોભ સ્વાદ રે..૨૩
શ્રીજી પાઠ કર્યાથી અતિ રાજી રે, માટે પાઠ કરજો ગાજી ગાજી રે;
થશે શ્રીહરિ અતિ પ્રસન્ન રે, દેશે અખંડ નિજદર્શન રે..૨૪
થશે અતિ સમર્થ હરિ વશ રે, એવો હરિસ્મૃતિનો છે જશ રે;
આવું જાણીને જ્ઞાનજીવન રે, પ્રેમે પાઠ કરજો સહુ જન રે..૨૫

॥ ઇતિ શ્રીહરિસ્મૃતિ માહાત્મ્ય સમાપ્ત ॥

❋ ❋ ❋ ❋ ❋

# ૧ સ્વરૂપ ચિંતામણિ

## -: દોહા :-

મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ ॥
નખશિખ સુધી નીરખતાં, આવે આનંદ અનૂપ ॥૦૧॥
પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયામાંય ॥
અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

પુરુષોત્તમ પરમ દયાળ, નાથ નીરખ્યા છે ॥
શ્રીભક્તિ-ધર્મના બાળ, નાથ નીરખ્યા છે ॥
સુખદાયી સહજાનંદ,નાથ૦ । સત્સંગીના સુખકંદ,નાથ૦ ॥૦૩॥

અંગોઅંગમાં અવિનાશ,નાથ૦ । તેણે હૈયે છે હુલાસ[૧],નાથ૦ ॥
પ્રથમ પેખીને બે પાવ,નાથ૦ । આવે અંતરે ઉછાવ[૨],નાથ૦ ॥૦૪॥
અંબુજ[૩] અરુણ[૪] વર્ણ બે ચરણ,નાથ૦ । હરિભક્તના ભયહરણ,નાથ૦ ॥
તેમાં શોભે ચિહ્ન સોળ,નાથ૦ । અવલોકે સુખ અતોળ,નાથ૦ ॥૦૫॥
જમણા ચરણનાં ચિહ્ન જોઈ,નાથ૦ । સ્વસ્તિ અષ્ટકોણ છે સોઈ,નાથ૦ ॥
વજ્ર અંકુશ ને ધ્વજ,નાથ૦ । જવ જાંબુ કહિયે કંજ[૫],નાથ૦ ॥૦૬॥
પગ બેહુમાં ઊર્ધ્વરેખ,નાથ૦ । શોભે અતિશય વિશેષ,નાથ૦ ॥
પગ ડાબે ચિહ્ન સાત,નાથ૦ । સદા સુખદાયી સાક્ષાત,નાથ૦ ॥૦૭॥
મત્સ ત્રિકોણ ને વ્યોમ,નાથ૦ । કલશ ધનુષ ને સોમ[૬],નાથ૦ ॥
ગોપદ સોતા ગણિયે સાત,નાથ૦ । સોળે ચિહ્ન એહ વિખ્યાત,નાથ૦ ॥૦૮॥

૧.આનંદ ૨.ઉમંગ ૩.કમળ જેવા ૪.લાલ ૫.કમળ ૬.ચંદ્ર

જમણે અંગૂઠે નખમાંય,નાથ૦ । શોભે ઊર્ધ્વરેખ એક ત્યાંય,નાથ૦ ॥
બેઉ પાવલિયા પુનિત,નાથ૦ । ચોંટે આંગળિયો જોઈ ચિત્ત,નાથ૦ ॥૦૯॥
જેવી અરુણ કમળની કળી,નાથ૦ । એવી શોભે પગ આંગળી,નાથ૦ ॥
નખશ્રેણી મણિ સમ,નાથ૦ । ઊપડતા ને રૂડા રમ્ય,નાથ૦ ॥૧૦॥
અંગૂઠા આંગળિયો બહુ સારી,નાથ૦ । જોઈ અંતર લિયો ઉતારી,નાથ૦ ॥
આંગળી અંગૂઠા ઉપર,નાથ૦ । શોભે ઝીણા રોમ સુંદર,નાથ૦ ॥૧૧॥
ફણા[1] તણા લાંક[2] જોઈ,નાથ૦ । શોભે ઘૂંટી ઘણું દોઈ,નાથ૦ ॥
ગોળ રંગચોળ બે પેની,નાથ૦ । શું હું કહું શોભા તેની,નાથ૦ ॥૧૨॥
કાંડાં કોમળ બે કહીએ,નાથ૦ । જંઘા જોઈને સુખ લઈએ,નાથ૦ ॥
પિંડી સરખી ને સુંવાળી, નાથ૦ । નળી[3] લાગે છે રૂપાળી, નાથ૦ ॥૧૩॥

૧.પગની આંગળીઓ અને ઘૂંટી વચ્ચેનો ભાગ ૨.વળાંક-મરોડ ૩.ઢીંચણ-ઘૂંટી વચ્ચેનો નળો

જોયા જેવા છે બે જાનુ[૧],નાથ૦ । ઘૂંટણ[૧] નામ ધામ શોભાનું,નાથ૦ ॥
ડાબા જાનુ પર ચિહ્ન જોઈ,નાથ૦ । મારું મન રહ્યું છે મોહી,નાથ૦ ॥૧૪॥
ઊરુ[૨] શોભે સુંદર સુંવાળા,નાથ૦ । રંભાસ્થંભ[૩] સાથળ રૂપાળા,નાથ૦ ॥
દુંદ ફાંદ દગે દેખી,નાથ૦ । મારી ધન્ય કમાઈ લેખી,નાથ૦ ॥૧૫॥
કોમળ કટી કહીએ કેવી,નાથ૦ । જોઈ અંતર ધાર્યા જેવી,નાથ૦ ॥
પે'રી વળ દેઈ પછેડી,નાથ૦ । મારું મન બાંધ્યાની બેડી,નાથ૦ ॥૧૬॥
ઊંડી નાભિ ગોળ ગંભીર,નાથ૦ । જોઈ જીવ ધરે છે ધીર,નાથ૦ ॥
પેટ રૂડું ને રૂપાળું,નાથ૦ । પિપળપાન સમ સુવાળું,નાથ૦ ॥૧૭॥
ત્રિવળી પડે છે જો તેમાં,નાથ૦ । પોયણ[૪] સમ શીતળ સુખ જેમાં,નાથ૦ ॥
નળ[૫] નીરખી મોહ્યું મન,નાથ૦ । શોભે સુંદર શ્યામ સ્તન,નાથ૦ ॥૧૮॥

૧.ઢીંચણ ૨.સાથળ ૩.કેળના સ્થંભ જેવા ૪.રાત્રિ કમળ ૫.પેટની અંદરની નળી

છબીદાર ઊપડતી છાતી,નાથ૦ । પો'ળી રૂપાળી રંગરાતી,નાથ૦ ॥
હેતે ભર્યું અતિ હૈયું,નાથ૦ । તે કેમ કરી જાય કહ્યું,નાથ૦ ॥૧૯॥
કૂખ પડખાં બે બગલું,નાથ૦ । જોતાં સુખ આવે છે ભલું,નાથ૦ ॥
ખભા ખૂબ જોયા મેં ખાંતે,નાથ૦ । શોભા શું વખાણું વાતે,નાથ૦ ॥૨૦॥
ભુજા ભરી બેઉ બળે,નાથ૦ । જોઈ જનમ મરણ ભય ટળે,નાથ૦ ॥
અતિ આજાનુ[૧] બે બાહુ,નાથ૦ । જોઈ બલહારી હું જાઉં,નાથ૦ ॥૨૧॥
ગજ સૂંઢ સરીખી શોભે,નાથ૦ । દેખી લોચન મારાં લોભે,નાથ૦ ॥
દિલ માન્યું જોઈ ડેડરિયો[૨],નાથ૦ । ગોળ અતોળ વળભરિયો,નાથ૦ ॥૨૨॥
કોણી સુંદર શ્યામ સુંવાળી,નાથ૦ । રૂડી લાગે છે રૂપાળી,નાથ૦ ॥
કળાઈ[૩] કાંડાં કૈ'એ કરભ[૪],નાથ૦ । જોઈ ગળે મીનમન ગરભ[૫],નાથ૦ ॥૨૩॥

૧.ઢીંચણ સુધી લાંબા (હાથ) ૨.કોણીથી કાંડા સુધીનો ઉપલો ભાગ ૩.કોણીથી કાંડા સુધીનો નીચલો ભાગ ૪.કાંડા અને ટચલી આંગળી વચ્ચેનો બહારનો ભાગ ૫.ગર્વ

હાથ હથેળી છે રાતી,નાથ૦ । જોઈ રેખા ઠરે છે છાતી,નાથ૦ ॥
પાંચે પાંચ આંગળિયો સારી,નાથ૦ । વેઢા વિરા[1] ઉપર વારી,નાથ૦ ॥૨૪॥
તસુ ટેરવાં છે રાતાં,નાથ૦ । નથી કૈ'યે મેં કે'વાતાં,નાથ૦ ॥
નખ લાલમણિ સમ સારા,નાથ૦ । તે તો મને લાગે પ્યારા,નાથ૦ ॥૨૫॥
તીખા અગ્ર ને તેજસ્વી,નાથ૦ । જોઈ જીવમાં ગયા વસી,નાથ૦ ॥
કર સુંદર સરખા બેઉ,નાથ૦ । જોઈ દિલ ઉતારી લેઉં,નાથ૦ ॥૨૬॥
કંઠ કંબુ[2] સમ અવલ[3],નાથ૦ । તેના ખાડા વચ્ચે તલ,નાથ૦ ॥
ગળું રૂપાળું છે ઘણું,નાથ૦ । રૂડું સુંદર સોયામણું,નાથ૦ ॥૨૭॥
દાઢી દેખી દિલડું ઠરિયું,નાથ૦ । જોઈ વિષયસુખ વીસરિયું,નાથ૦ ॥
એવી ચિબુકે[4] ચિત્ત ચોંટે,નાથ૦ । મન માન્યું મનોહર કોટે[5], નાથ૦ ॥૨૮॥

૧.બે વેઢા વચ્ચેનો ભાગ ૨. શંખ ૩.શ્રેષ્ઠ ૪.દાઢી ઉપરનો ભાગ ૫.ડોકે

અધર પરવાળાં[૧] સમ પેખી,નાથ૦। દિલડું રીઝ્યું તેને દેખી,નાથ૦॥
હેતે ભરી વાણી હોઠે,નાથ૦। સુણી બીજે મન ન ગોઠે,નાથ૦॥૨૯॥
દેખી દાંત તણી આવળિયું[૨],નાથ૦। કહીએ કુંદકુસુમની[૩] કળિયું,નાથ૦॥
રૂડા રૂપાળા રસભરિયા,નાથ૦। સારા સુવર્ણે સાંકરિયા[૪],નાથ૦॥૩૦॥
રસનાયે છે રૂડી વાણી,નાથ૦। સુણી ચિત્તવૃત્તિ લોભાણી,નાથ૦॥
ચોખ્ખું બોલે છે ચતુરાયે,નાથ૦। સુણી વાણી પર બલજાયે,નાથ૦॥૩૧॥
મુખ ભર્યું મનોહર હાસે,નાથ૦। જોઈ જનમ મરણ દુઃખ નાસે,નાથ૦॥
નાસા અણિયાળી છે એવી,નાથ૦। શુકચંચુ[૫] દીપશગ[૬] જેવી,નાથ૦॥૩૨॥
તે પર શીળી ચિહ્ન નિહાળો,નાથ૦ જમણે ગાલે તિલ રૂપાળો,નાથ૦॥
ગૌર કપોળ[૭] છે ગોળ,નાથ૦। જોઈ આવે સુખ અતોળ,નાથ૦॥૩૩॥

૧.લાલ મણિ ૨.પંક્તિ ૩.એક જાતનાં મોગરા જેવાં ફૂલ ૪.બાંધેલા ૫.પોપટની ચાંચ ૬.દીવાની જ્યોત ૭.ગાલની ઉપરનો ભાગ

કર્ણ હરણ દુઃખના કહિયે,નાથ૦ । જોઈ મોટા સુખને લઈએ,નાથ૦ ॥
વામ[૧] કાને બિંદુ શ્યામ,નાથ૦ । અતિ શોભે શોભાધામ,નાથ૦ ॥૩૪॥
કાનબૂટે ચોંટે ચિત્ત,નાથ૦ । જોઈ મન થાય ચકિત,નાથ૦ ॥
વાંસો લાસો[૨] વા'લો લાગે,નાથ૦ । જોઈ તિલ મોટો દુઃખ ભાગે,નાથ૦ ॥૩૫॥
આંખ્યો મનગમતી મર્માળી,નાથ૦ । રાતી રેખાયે રૂપાળી,નાથ૦ ॥
અતિ ભરી છે અમૃતે,નાથ૦ । નિહાળી જોઈ છે મેં નિરાંતે,નાથ૦ ॥૩૬॥
પાંપણ ઉપર કરચલિયું,નાથ૦ । સારી શોભે છે બે ભલિયું,નાથ૦ ॥
ભ્રકુટિ નયણે નીરખી,નાથ૦ । દીસે કામકમાન[૩] સરખી,નાથ૦ ॥૩૭॥
ભાલ વચ્ચે રેખા રૂડી,નાથ૦ । મારી મીટ તણી છે મૂડી,નાથ૦ ॥
મોટે ભાગ્યે ભર્યું ભાલ,નાથ૦ । જોઈ લમણા છઉં નિહાલ,નાથ૦ ॥૩૮॥

૧.ડાબા ૨.સુંવાળો ૩.કામદેવનું ધનુષ્ય

નળવટ[૧] જોઈ મન લોભાણું,નાથ૦ । જાણ્યું દોયલા દિનનું નાણું,નાથ૦ ॥
કેશ કપાળ વચ્ચે કૈ'યે,નાથ૦ । ચિહ્ન ચિંતવી સુખ લૈયે,નાથ૦ ॥૩૯॥
તાળુ[૨] રૂપાળું છે તેહ,નાથ૦ । વાધે વિલોકે સનેહ,નાથ૦ ॥
સુંદર વાળ શ્વેત શ્યામ,નાથ૦ । પેખી થાય પૂરણકામ,નાથ૦ ॥૪૦॥
શિખા સુંદર છે સારી,નાથ૦ । નખશિખા પર બલિહારી,નાથ૦ ॥
એવી મૂર્તિ મિરાંથ[૩] મારી,નાથ૦ । લેઉં અંતરે ઉતારી,નાથ૦ ॥૪૧॥
શોભે નખશિખા શરીર,નાથ૦ । ચિત્તે ચિંતવી ધરું ધીર,નાથ૦ ॥
પુષ્ટ અંગોઅંગ સુંદર,નાથ૦ । મૂર્તિ મરમાળી મનહર,નાથ૦ ॥૪૨॥
મૂર્તિ ઘણી છે ઘનશ્યામ,નાથ૦ । શાંત સ્વભાવે સુખધામ,નાથ૦ ॥
મહારાજની મૂર્તિ ન્યારી,નાથ૦ । કરચરણાદિક પર વારી,નાથ૦ ॥૪૩॥

---

૧.નેણ ઉપરનો ભાગ ૨.તાળવું ૩.મૂડી

અંગોઅંગે અવલોકી,નાથ૦ । આવે આનંદ અલોકી,નાથ૦ ॥
નખશિખા સુખની ખાણી,નાથ૦ । જીભે જાય નહિ વખાણી,નાથ૦ ॥૪૪॥
એવી મૂર્તિ મનરંજન,નાથ૦ । ચિત્તે ચિંતવું છું નિશદિન,નાથ૦ ॥
પ્રથમ પોઢી જાગે જ્યારે,નાથ૦ । જોઈ જન મગન મન ત્યારે,નાથ૦ ॥૪૫॥
દિયે દર્શન દીનદયાળ,નાથ૦ । નિજ ભક્તના પ્રતિપાળ,નાથ૦ ॥
પછી દેહક્રિયા કરી આવે,નાથ૦ । હાથ મૃત્તિકાયે મટીયાવે[1],નાથ૦ ॥૪૬॥
ચોળી એકુકી આંગળિયો,નાથ૦ । ધોઈ શુદ્ધ કરે સઘળિયો,નાથ૦ ॥
પછી દાતણ કરતા શ્યામ,નાથ૦ । મુખ ધોઈ લો'તા સુખધામ,નાથ૦ ॥૪૭॥
વતું કરાવતા વળી,નાથ૦ । નખ લેતા દશ આંગળી,નાથ૦ ॥
અંગે અત્તર ચોળેલ,નાથ૦ । તેલ સુગંધી ફુલેલ[2],નાથ૦ ॥૪૮॥

૧.સાફ કરી આવે ૨.ફૂલની સુગંધથી સુવાસિત કરેલ (તેલ)

વળી નાતા ઉન્હે નીરે,નાથ૦ । લુ'તા લાસું પટ શરીરે,નાથ૦ ॥
બીજું પે'રે કોરું પટ,નાથ૦ । ચઢતા ચાંખડિયે ચટ,નાથ૦ ॥૪૯॥
ઓઢી પછેડી પાવન,નાથ૦ । આવ્યા જમવાને જીવન,નાથ૦ ॥
બેઠા ચાકળે અવિનાશ,નાથ૦ । હતો નિષ્કુળાનંદ પાસ,નાથ૦ ॥૫૦॥

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે પ્રથમ ચિંતામણિઃ ॥૧॥**

# ૨ થાળ ચિંતામણિ

## -: દોહા :-

ભોજન બહુ રસે ભર્યાં, જુગતે કરિયાં જેહ ॥
આણ્યાં ચોકી[૧] ઉપરે, તાજાં જમવા તેહ ॥૦૧॥
પાક બહુ પ્રકારના, વિધવિધનાં વ્યંજન ॥
પુર્યા કટોરા પ્રેમશું, જુગતે જમે જીવન ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

મોદક મગદળ ને મોતિયા, જમતાં જોયા છે ॥
લાખણસાઈ[૨] ને સેવૈયા[૩], જમતાં જોયા છે ॥
તળિયા બળિયા માંય તેજાના, જમતાં૦ । કાજુ કળિયા મનમાન્યા, જમતાં૦ ॥૦૩॥

૧.નાનો બાજોઠ ૨.બુંદીના લાડુ ૩.ચુરમાના લાડુ/ઘઉંના લોટની સેવ

પેંડા પતાસાં ને પૂરી,જમતાં૦ । સૂતરફેણી ને સાબુડી[૧],જમતાં૦ ॥
શક્કરપારા સેવ સુંવાળી[૨],જમતાં૦ । પૂરી કચોરી રૂપાળી,જમતાં૦ ॥૦૪॥
હલવો હરિસો[૩] રસાળો,જમતાં૦ । ગેબર ગુંદરપાક રૂપાળો,જમતાં૦ ॥
ગગન[૪] ગાંઠિયા ગુંદવડી[૫],જમતાં૦ । ગળાસાટા ગળપાપડી[૬],જમતાં૦ ॥૦૫॥
શીરો સાથુ[૭] સાકર ચણા,જમતાં૦ । મુરકી[૮] મુરબો મેસુબ ઘણા,જમતાં૦ ॥
માલપુડા સાકર તણા,જમતાં૦ । બરફી બીરંજ એલચીદાણા,જમતાં૦ ॥૦૬॥
બાટી બાજરા ઘઉંની,જમતાં૦ । ઘણા ઘીમાં બોળી ઉની,જમતાં૦ ॥
ખાજાં ખીર ખુરમા ગોળા,જમતાં૦ । દૂધપાક દહીથરાં[૯] બો'ળા,જમતાં૦ ॥૦૭॥
માખણ મહી દહીંવડાં,જમતાં૦ । ચૂરમું લાપસી બે રૂડાં,જમતાં૦ ॥
કંસાર બાસુંદિયો ભલી,જમતાં૦ । કેરી રસ રૂડી રોટલી,જમતાં૦ ॥૦૮॥

૧.સાબુદાણાની ખીર ૨.મેંદાના લોટની ગળી પૂરી ૩.ચોખાની વાનગી ૪.ગણગણ ૫.ગુલાબજાંબુ
૬.સુખડી ૭.સાથવો ૮.એક મીઠાઈ ૯.મોણ નાંખીને તળેલી પોચી પૂરી

પૂડલા ને પૂરણપોળી,જમતાં૦ । રેવડી પકોડી બોળી,જમતાં૦ ॥
ગુલાબ ટોપરાના પાક,જમતાં૦ । જલેબી ને સુંદર શાક,જમતાં૦ ॥૦૯॥
જાર બાજરી બાવટ[1] પોળી[2],જમતાં૦ । ઘીમાં ઘઉંની ઝબોળી,જમતાં૦ ॥
મઠ જવના રોટલા,જમતાં૦ । ચીણા[3] ચણાના બહુ ભલા,જમતાં૦ ॥૧૦॥
સુગંધી ભાત ને ખીચડી,જમતાં૦ । કોદરી કાંગવું[4] ને કડી[5],જમતાં૦ ॥
જાર બાજરાનું ધાન,જમતાં૦ । સામો બંટીનું નિદાન,જમતાં૦ ॥૧૧॥
રોટલી ને ગળવાણું[6],જમતાં૦ । અવલપાક આંબલવાણું[7],જમતાં૦ ॥
રાતાં મરચાં ને રોટલા,જમતાં૦ । મગ ચણાના પૂડલા,જમતાં૦ ॥૧૨॥
અડદ મગ ચણાની દાળ,જમતાં૦ । તુવેર મેસુરની દયાળ,જમતાં૦ ॥
વાલ મઠ ને વટાણા,જમતાં૦ । કાજુ કળથી ચોળા દાણા,જમતાં૦ ॥૧૩॥

૧.લાલ દાણાનું અનાજ ૨.પાતળી રોટલી ૩.એક જાતનું અનાજ (તેના રોટલા) ૪.કાંગની બનાવેલ વાનગી ૫.કઢી ૬.ગળી રાબ ૭.આંબલીનું શરબત

વૃંતાક વાલોળ વળી,જમતાં૦ । સારાં સૂરણ ઘીમાં તળી,જમતાં૦ ॥
સારાં શક્કરિયાનાં શાક,જમતાં૦ । વઘાર્યા હાથે શું વૃંતાક,જમતાં૦ ॥૧૪॥
રૂડાં રતાળુ પતાળુ[૧],જમતાં૦ । પરવર પાપડી દયાળુ,જમતાં૦ ॥
કેરાં કારેલાં કંકોડાં,જમતાં૦ । કોળા ચીકણ[૨] ને ચીભડાં,જમતાં૦ ॥૧૫॥
ગલકાં ગવાર ને ઘિસોડા,જમતાં૦ । શાક સાંગરીઓનાં[૩] રૂડાં,જમતાં૦ ॥
ભીંડાફળી વળી ડોડા,જમતાં૦ । ચોળાફળી ને ચીચોડાં[૪],જમતાં૦ ॥૧૬॥
નઈ[૫] દૂધિયાં ને ટીંડોરા,જમતાં૦ । કાજુ કરેલ તે કોરા,જમતાં૦ ॥
ભરથ[૬] ભર્યાં ઘણા ઘીનાં,જમતાં૦ । રૂડાં રાઈતાં રાઈનાં,જમતાં૦ ॥૧૭॥
કોમળ કૂબી ને કોચલાં[૭],જમતાં૦ । શાક એક એકથી ભલાં,જમતાં૦ ॥
તાજાં તરબૂચ પંડોળાં[૮],જમતાં૦ । શાક સારાં સુંદર બો'ળાં,જમતાં૦ ॥૧૮॥

૧.ગાજર ૨.એક જાતની કાકડી ૩.ખીજડાની શીંગ ૪.કારેલાં જેવું શાક ૫.પાતળી લાંબી દૂધી ૬.મસાલા ૭.સુકવણી શાક ૮.એ નામનું શાક

રસે ભર્યાં રૂડાં કહિયે,જમતાં૦ । સીમા શાક તણી ન લહિયે,જમતાં૦ ॥
ભર્યા હળદર હવેજે,જમતાં૦ । વળી બહુ મસાલે બીજે,જમતાં૦ ॥૧૯॥
ટાંકા તાંદળિયાની ભાજી,જમતાં૦ । સારા સુવા તલવણી તાજી,જમતાં૦ ॥
મેથી મોરણની પણ સારી,જમતાં૦ । ભીંડા ડોડીની વઘારી,જમતાં૦ ॥૨૦॥
મૂળા કરલીની પણ કરી,જમતાં૦ । વળી મીઠું ને મોગરી,જમતાં૦ ॥
લૂણી ચીલ ને ચણેચી,જમતાં૦ । જમે પોતે આપે વેં'ચી,જમતાં૦ ॥૨૧॥
ભાજી તાજી રાઈ સારી,જમતાં૦ । ઘણે ઘી જીરે વઘારી,જમતાં૦ ॥
અજમો પોઈ પત્રવેલાં,જમતાં૦ । ભજિયાં અળવીનાં કરેલાં,જમતાં૦ ॥૨૨॥
કોળાં વૃંતાક ને આદુ,જમતાં૦ । ભજિયાં રતાળુનાં સ્વાદુ,જમતાં૦ ॥
ભર્યાં હવેજે ભજિયાં,જમતાં૦ । કંઈ કહ્યાં ને કંઈ રહ્યાં,જમતાં૦ ॥૨૩॥

ફાફડા ને વડાં વડી,જમતાં૦ । કળી[૧] ગાંઠિયા ફૂલવડી,જમતાં૦ ॥
પાપડ અડદ ને મગના,જમતાં૦ । ઝીણા લોટની સગના,જમતાં૦ ॥૨૪॥
જાર બાજરાના સારા,જમતાં૦ । જમતાં પાપડ લાગે પ્યારા,જમતાં૦ ॥
માસુખ મઠનાં મઠિયાં,જમતાં૦ । લાગે ફરસાં[૨] ન જાય કહ્યાં,જમતાં૦ ॥૨૫॥
ચણા વાલના લીલવા,જમતાં૦ । પય સરકરા ને પૂંવા,જમતાં૦ ॥
વળી અવલ જો અથાણાં,જમતાં૦ । ધર્યાં વાટકામાં ઘણાં,જમતાં૦ ॥૨૬॥
કેરી રાયતી રૂપાળી,જમતાં૦ । બીજી બોળેલ રસાળી,જમતાં૦ ॥
લીંબુ બીલીનાં બનાવ્યાં,જમતાં૦ । લીલી હળદીનાં મન ભાવ્યાં,જમતાં૦ ॥૨૭॥
કેરાં કરપટાં[૩] કર્મદાં,જમતાં૦ । ગરમર વાંસનાં રાઈજાદાં[૪],જમતાં૦ ॥
આરિયાં[૫] આમળાં ને આદુ,જમતાં૦ । ખરાં ખારેકનાં સ્વાદુ,જમતાં૦ ॥૨૮॥

૧.સેવ ૨.સ્વાદિષ્ટ ૩.કાંકડના ઝાડના ફળનું અથાણું ૪.શ્રેષ્ઠ ૫.કૂણાં ચીભડાં

મરચાં ગુંદાં ને સેલરાં[1],જમતાં૦ । કાજુ મૂળ કંદ કેરાં,જમતાં૦ ॥
વૃંતાક પતાળુનાં વળી,જમતાં૦ । બાવળ ગુવારની ફળી,જમતાં૦ ॥૨૯॥
કોઠીંબાની[2] જે કાચલિયો,જમતાં૦ । બીજી હળદી તેલે ભરિયો,જમતાં૦ ॥
લીંબુ રસ રૂડા નાંખી,જમતાં૦ । સુંદર સારી આગે રાખી,જમતાં૦ ॥૩૦॥
આંબુવાનાં[3] જે અથાણાં,જમતાં૦ । બોળ્યાં સરસિયામાં ઘણાં,જમતાં૦ ॥
મૂળ સર્ગવાનાં સ્વાદે,જમતાં૦ । ઉત્તમ અથાણાં એ આદે,જમતાં૦ ॥૩૧॥
મેથી લવિંગ ને મરિયાં,જમતાં૦ । લીંબુ ખારેકમાં ભરિયાં,જમતાં૦ ॥
મીઠું હળદર ને ધાણા,જમતાં૦ । ભેળાં આથેલ અથાણાં,જમતાં૦ ॥૩૨॥
આથ્યાં અદ્રક ને કટેરાં[4],જમતાં૦ । વળી ચટણી વેરમવેરાં[5],જમતાં૦ ॥
એવાં અથાણાં અનેક,જમતાં૦ । વિધવિધના વિષેક,જમતાં૦ ॥૩૩॥

૧.કુંવાર નામની વનસ્પતિની ડાંડલીઓ ૨.કડવાં ચીભડાંની ૩.આમળાનાં ૪.કંથા નામના ઝીણા બોરનું અથાણું ૫.વારંવાર

કુર[૧] કરમલડો[૨] કરિયાં[૩],જમતાં૦ । તલસાંકળી જાજરિયાં[૪],જમતાં૦ ॥
ઘૃત દૂધ દહીંની તર,જમતાં૦ । શ્વેત ભાત ને સાકર,જમતાં૦ ॥૩૪॥
સાકર રાબ સાકર પાણી,જમતાં૦ । મગજળ ઘી તીખાં વખાણી,જમતાં૦ ॥
લીંબુરસ મરિયાં વારિ,જમતાં૦ । સાંઠા શેરડિયો પણ સારી,જમતાં૦ ॥૩૫॥
ઉભા દર્શન કરવા દાસ,જમતાં૦ । આપ્યા મહાસુખ મુખવાસ,જમતાં૦ ॥
લાવ્યા લવિંગ સોપારી,જમતાં૦ । જાયફળ એલચી સારી,જમતાં૦ ॥૩૬॥
કાથો ચૂનો પાકાં પાન,જમતાં૦ । બીડી સમારી સમાન,જમતાં૦ ॥
સુવા સૂંઠ્ય ને સંચળ,જમતાં૦ । મરી અજમો જે અવલ,જમતાં૦ ॥૩૭॥
બુંદ[૫] આદુ ને વરિયાળી,જમતાં૦ । તજ જાવંત્રી તમાલી,જમતાં૦ ॥
આપ્યા મુખેથી મુખવાસ,જમતાં૦ । પામ્યા તંબોળ તે દાસ,જમતાં૦ ॥૩૮॥

૧.રાંધેલા ભાત ૨.દહીંભાત ૩.કઢી ૪.પોંકનો લાડુ ૫.ટુકડો

પછી આણ્યાં સુંદર ફળ,જમતાં૦ I અતિ સ્વાદુ ને નિર્મળ,જમતાં૦ II
લાવી દાસે પાસે ધરિયાં,જમતાં૦ I રૂડાં રૂપાળાં રસભરિયાં,જમતાં૦ II૩૯II
જાંબુ લીંબુ પાકી કેરી,જમતાં૦ I સારાં કેળાં જે સોનેરી,જમતાં૦ II
દેખી દાડમ બેદાણે[૧],જમતાં૦ I સ્વાદુ સીતાફળ વખાણે,જમતાં૦ II૪૦ II
જામફળ જોયા જેવાં,જમતાં૦ I રામફળ પણ એવાં,જમતાં૦ II
રાણ્યો સુડિયાં[૨] ને બોર,જમતાં૦ I સારાં જમે ધર્મકિશોર,જમતાં૦ II૪૧II
પીલું શેતૂ તરસાળું[૩],જમતાં૦ I બીલાં નારંગી દયાળુ,જમતાં૦ II
ડોડાં અંજીર અનુપ,જમતાં૦ I ખારેક ખજૂર રસરૂપ,જમતાં૦ II૪૨II
ટોપરાં ને કાજુકળિયા,જમતાં૦ I દ્રાક્ષ નીલવા[૪] જે ગળિયા,જમતાં૦ II
રૂડાં બદામ સિંગોડાં,જમતા૦ I મગ ચારોળી જે રૂડાં,જમતાં૦ II૪૩II

૧.દ્રાક્ષ ૨.વેલામાં થતી એક પ્રકારની શીંગ ૩.લાંબા ચીભડા જેવું ફળ ૪.કાળી દ્રાક્ષ

કમળનાળ કુંણા જોઈ,જમતાં૦। ગુલાબ ગુલસુબા ફૂલ[૧] સોઈ,જમતાં૦॥
શ્રૃંગીવિષતરુનાં[૨] પાન,જમતાં૦। જેઠીમધ[૩] ડોડી નિદાન,જમતાં૦॥૪૪॥
ચણેચી ચીભડાં ને ચોળા,જમતાં૦। રાઈ મોગરી ને મૂળા,જમતાં૦॥
મેથી મૂળાની ડાંડલિયો,જમતાં૦। કૂણી નર્મ કાજુ ભલિયો,જમતાં૦॥૪૫॥
મીઠું મરી જીરું તાજુ,જમતાં૦। જમે કાકડિયો જોઈ કાજુ,જમતાં૦॥
દાળ દાળિયા ને મમરા,જમતાં૦। ધાણી બાજરી તલ ખરા,જમતાં૦॥૪૬॥
પોંક બાજરા ઘઉંનો,જમતાં૦ । ચણા ગુદલીનો[૪] ઉનો,જમતાં૦ ॥
મકાઈ ને બહુ મેવા,જમતાં૦ । પ્રદેશી મગ ચણા કેવા,જમતાં૦ ॥૪૭॥
કાજુ કરા ટાઢા હીમ,જમતાં૦। કોમળ નિર્મળ લૈ લિમ[૫],જમતાં૦॥
પાકાં ચીભડાં રસાળુ,જમતાં૦ । પાકી આંબલી દયાળુ,જમતાં૦ ॥૪૮॥

૧.ગુલછડી ૨.શીંગડિયો વછનાગ ૩.ઔષધીમાં ઉપયોગી એવાં ગળ્યાં મૂળિયાં ૪.જુવારનો
૫.લીમડાનાં પાન

ફણસ બિજોરાંના કળિયા,જમતાં૦। લાગે અન્નાસના ગળિયા,જમતાં૦॥
ગુંદાં કર્મદાં ટીંબરવાં,જમતાં૦। પીપર મધ કોઠાં ને મરવા[૧],જમતાં૦॥૪૯॥
મીંઢી આવળ મરચાં રાતાં,જમતાં૦। કઠણ બહુ કસ્તુરી ખાતાં,જમતાં૦॥
થેગ[૨] કંદ[૩] ચંદ પોળી,જમતાં૦। જાય નિષ્કુળાનંદ ઘોળી[૪],જમતાં૦॥૫૦॥

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે દ્વિતીય ચિંતામણિઃ ॥૨॥**

---

૧.કાચી કેરી  ૨.એક પ્રકારનું ધાન્ય  ૩.નાગરમોથ  ૪.વારી જાય-વશ થઈ જાય

# ③ દર્શન ચિંતામણિ

## -: દોહા :-

કરપતર થાળી થાળમાં, ત્રાંસળી કટોરા ત્રાંસ ॥
પનવાડાં પડિયા વાટકા, જમ્યા કનક ઠામે અવિનાશ ॥૦૧॥
અબખોરા કટોરા કળસિયા, કઠારી ઝારી તુંબ કમંડળ ॥
ચળું કરી ચતુરાઈશું, પીધાં નિરમળ જળ ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

દાંત સુધારી[૧] બેઠા પાટે, ભૂધર ભાળ્યા છે ॥
આવ્યા જન પૂજવા માટે, ભૂધર ભાળ્યા છે ॥
ચરચે ચંદન મળિયાગરે,ભૂધર૦ । કુંકુમ કસ્તુરી કેસરે,ભૂધર૦ ॥૦૩॥

૧.ખોતરી - સાફ કરી

સારી સુખડ શરીરે,ભૂધર૦ । જને ચરચી ધીરે ધીરે,ભૂધર૦ ॥
કર્યા કુંકુમના ચાંદલા,ભૂધર૦ । શોભે ચોખા ચોડ્યા ભલા,ભૂધર૦ ॥૦૪॥
હૈયે લલાટે બે હાથે,ભૂધર૦ । કર્યાં તિલક ચંદ્ર સાથે,ભૂધર૦ ॥
અંગે અંબર વિના રે'તા,ભૂધર૦ । દિગંબર દર્શન દેતા,ભૂધર૦ ॥૦૫॥
વનકળ[૧] વાઘાંબર સુંદરે,ભૂધર૦ । મૃગાજિન ટાટાંબરે,ભૂધર૦ ॥
પછી કોપીન કટવેડે[૨],ભૂધર૦ । રાખી અલફી તાર કેડે,ભૂધર૦ ॥૦૬॥
ગોદડી ચાદર ચોફાળે,ભૂધર૦ । દીધાં દરશન દયાળે,ભૂધર૦ ॥
ખેસ ધોતી પોતી પે'રી,ભૂધર૦ । ગૂઢે રેંટે ફેંટે લે'રી,ભૂધર૦ ॥૦૭॥
સુરવાળ ગૂડકી[૩] જામે,ભૂધર૦ । જોઈ અંગરખી દુઃખ વામે,ભૂધર૦ ॥
પે'રી આંગી[૪] અંગે વા'લે,ભૂધર૦ । કસી કમર દુશાલે,ભૂધર૦ ॥૦૮॥

૧.શણનું કાપડ ૨.કેડ પર બાંધેલ વસ્ત્રનો ટુકડો ૩.ચોરણી ૪.કસુવાળી કફની

ડગલી સોનેરી રૂપેરી,ભૂધર૦ । કિનખાપની[૧] જો પે'રી,ભૂધર૦ ॥
ડગલી જરીની પે'રેલ,ભૂધર૦ । બોરકસુની[૨] બાંધેલ,ભૂધર૦ ॥૦૯॥
પટુ[૩] પાંબરી[૪] ચકમે[૫],ભૂધર૦ । શાલ દુશાલે દુઃખ શમે,ભૂધર૦ ॥
બોરીચોફાળ[૬] રૂમાલે,ભૂધર૦ । પે'ર્યો રાતો રેંટો[૭] વાલે,ભૂધર૦ ॥૧૦॥
ડગલી ગરમ પોસની પે'રિયે,ભૂધર૦ । પાઘ કસુંબી સોનેરિયે,ભૂધર૦ ॥
વસ્ત્ર અત્તરમાં રસબસે,ભૂધર૦ । બોકાની પાઘડિયે ધસમસે,ભૂધર૦ ॥૧૧॥
મુગટ કુંડળ મોલિડે,ભૂધર૦ । કસુંબી ફેંટે કંકોલીડે[૮],ભૂધર૦ ॥
પાઘ મુગલી[૯] મરેઠિયે,ભૂધર૦ । સુરતી કાઠીની સોરઠિયે,ભૂધર૦ ॥૧૨॥
ટોપી કચ્છ કેવડા ફૂલની,ભૂધર૦ । ગુંજા[૧૦] જરિયાન મહામૂલની,ભૂધર૦ ॥
તોરા ગજરા બાજુએ,ભૂધર૦ । કંકણ ફૂલ ને કાજુએ,ભૂધર૦ ॥૧૩॥

૧.જરીબુટાનું વસ્ત્ર ૨.બટનવાળી દોરીથી ૩.ગરમ કપડું ૪.પછેડી ૫.ઊનનું જાડું કપડું ૬.ચોકડી પાડેલ ઓઢવાનો ચોફાળ ૭.કમરે બાંધવાનું વસ્ત્ર ૮.લાલ રંગ ૯.મોગલ/મરાઠાની પાઘડી ૧૦.ચણોઠી

ગુંજા રતાંજળી[1] હારે,ભૂધર૦ । અર્ક અનકણના અપારે,ભૂધર૦ ॥
ગુલાબ ગુલદાવદી માલે,ભૂધર૦ । ચંપા ચમેલી વિશાલે,ભૂધર૦ ॥૧૪॥
ગુલસુમના[2] ગોટા હજારી,ભૂધર૦ । ફેંટો ફૂલપછેડી ધારી,ભૂધર૦ ॥
હીરા મોતી મણિ માળે,ભૂધર૦ । પના પીરોજા પ્રવાળે,ભૂધર૦ ॥૧૫॥
ફૂલ કપૂરને હારે,ભૂધર૦ । બાજુ તોરા પવિત્રાં સારે,ભૂધર૦ ॥
સોનાપાઘસોનાઝરમરિયાં[3],ભૂધર૦ । છોગાં પણ સોનેરી ધરિયાં,ભૂધર૦ ॥૧૬॥
તોરા શિરપેચ[4] સોનાને,ભૂધર૦ । ખોસ્યાં ફૂલ સોનાનાં કાને,ભૂધર૦ ॥
સોના દોરો સોનાસાંકળિયે,ભૂધર૦ । સોના માળા સોનામાંદળિયે,ભૂધર૦ ॥૧૭॥
હાર કંઠી પણ કનકને,ભૂધર૦ । બલિહારી એ બાનકને[5],ભૂધર૦ ॥
હીરા સાંકળી ઝૂમણું[6],ભૂધર૦ । શોભે કાને કુંડળ ઘણું,ભૂધર૦ ॥૧૮॥

---

૧.રક્તચંદન ૨.જૂઈનું ફૂલ ૩.હળવું વસ્ત્ર ૪.પાઘડી ઉપરની કલગી ૫.પહેરવેશ ૬.કાનમાં પહેરવાનું ઘરેણું

સોના બાજુ સોના કડે,ભૂધર૦। પોંચી વેઢ વીંટી નંગ જડ્યે,ભૂધર૦॥
કરડા[૧] ફેરવા[૨] અંગૂઠી,ભૂધર૦। મુદ્રિકા સોનાની દીઠી,ભૂધર૦॥૧૯॥
કટીમેખળા[૩] ને તોડો,ભૂધર૦। શોભે સોનાનો તે રૂડો,ભૂધર૦॥
પે'રી રૂપાની ચાંખડિયે,ભૂધર૦। એવા દીઠા છે આંખડિયે,ભૂધર૦॥૨૦॥
ઘમકે ઘુઘરિયો ખડાયે[૪],ભૂધર૦। ચડતાં પગથિયે ચડાયે[૫],ભૂધર૦॥
પે'રી કમળફૂલવાળી,ભૂધર૦। ચમકે ચંપાની રૂપાળી,ભૂધર૦॥૨૧॥
સાગ સીસમની પણ સારી,ભૂધર૦। ચરણે ચાંખડિયો ચમકારી,ભૂધર૦॥
કિશોરી[૬] સૂતરને વાણે[૭],ભૂધર૦। મોજડી ઓખાઈ અણવાણે[૮],ભૂધર૦॥૨૨॥
ખાટ્ય પાટ્ય ને પલંગે,ભૂધર૦। બેઠા ઢોલિયે ઉમંગે,ભૂધર૦॥
છપરપલંગ ખાટલે,ભૂધર૦। ખુરશી બાજોઠ પાટલે,ભૂધર૦॥૨૩॥

૧,૨.આંગળીઓનાં ઘરેણાં ૩.કંદોરો ૪.પાદુકામાં ૫.ઊંચે માર્ગે ૬.જોડાની જાત ૭.પગરખાં ૮.ઉઘાડે પગે

સાંગામાંચી સિંહાસને,ભૂધર૦ । ગાદી ચાકળે આસને,ભૂધર૦ ॥
મેડે મંચે ડોલ[1] હીંડોલે,ભૂધર૦। ગોખ વા’ણ વંડી દેવાલે[2],ભૂધર૦॥૨૪॥
કૂબા ઘર મેડી હવેલી,ભૂધર૦ । બેઠા બંગલે શંકા મેલી,ભૂધર૦ ॥
મંદિર મંડપ દલિચા[3] દેરે,ભૂધર૦। તંબુ રાવટીએ બહુવેરે,ભૂધર૦॥૨૫॥
અટારી અગાશી જાળિયે,ભૂધર૦। બેઠા મોહનજી માળિયે,ભૂધર૦॥
ઓટે ઓસરી પડસાળે[4],ભૂધર૦। દીધાં ત્યાં દરશન દયાળે,ભૂધર૦॥૨૬॥
બેઠા ચોક ફળી ચોતરે,ભૂધર૦। છાંટી ભૂમિ ફુવારા ભરે[5],ભૂધર૦॥
સારી આસણી[6] સાદરિયે,ભૂધર૦। દરશન કામળી પર કરીએ,ભૂધર૦॥૨૭॥
ગોદડી ગોદડાં ગાદલાં,ભૂધર૦। ત્યાં દરશન થયાં છે ભલાં,ભૂધર૦॥
ઝાડ પા’ડ ને પાષાણે,ભૂધર૦। બેઠા ભૂમિ પર જન જાણે,ભૂધર૦॥૨૮॥

૧.પાલખી ૨.દેવાલયમાં ૩.ઓટલો ૪.રહેણાકનો આગળનો ભાગ ૫.ઘાંસ કે લાકડાથી ભરેલા ગાડા ઉપર ૬.આસનિયું

ગાડી વે'લ રથ પાલખિયે,ભૂધર૦ । મૂર્તિ મેને[૧] બેઠી લખિયે,ભૂધર૦ ॥
ગાડું ચારટ[૨] સુખપાલે,ભૂધર૦ । જુવે જન વા'લાને વા'લે,ભૂધર૦ ॥૨૯॥
કરિ[૩] કરલિએ[૪] બહુ બાજે[૫],ભૂધર૦ । સોનેરી સખલાદિ[૬] સમાજે,ભૂધર૦ ॥
બેઠા નિજ સેવકને અંસે[૭],ભૂધર૦ । જેમ બ્રહ્મા બેઠા હંસે,ભૂધર૦ ॥૩૦॥
એક સમામાં મુનિ મળી,ભૂધર૦ । આવ્યા પૂજા કરવા વળી,ભૂધર૦ ॥
વસ્ત્ર ઘરેણાં પે'રાવી,ભૂધર૦ । ચરચ્યાં ચંદન સુંદર લાવી,ભૂધર૦ ॥૩૧॥
ધૂપ દીપ પુષ્પહારે,ભૂધર૦ । કરી પૂજા બહુ પ્રકારે,ભૂધર૦ ॥
પછી ઉતારી આરતિ,ભૂધર૦ । કરી ધૂન્ય સ્તુતિ અતિ,ભૂધર૦ ॥૩૨॥
પછી પ્રભુ થયા પ્રસન્ન,ભૂધર૦ । મળ્યા[૮] નિજજનને જીવન[૯], ભૂધર૦ ॥
ચરચ્યાં ચરણ બે ચંદને,ભૂધર૦ । લીધાં ઉર વચ્ચે નિજજને,ભૂધર૦ ॥૩૩॥

૧.ઘુંમટવાળી પાલખી ૨.ચાર પૈડાની બગી ૩.હાથી ૪.ઊંટ ઉપર ૫.ઘોડે ૬.શંખલાના શણગારથી સજ્જ કરેલ ૭.ખભા ઉપર ૮.ભાવથી ભેટ્યા ૯.પ્રાણપ્યારા પ્રભુ

છાપી નિજજનની એમ છાતી,ભૂધર૦ । પછી બેસારી પંગતી,ભૂધર૦ ॥
બેઠા પંગતે મુનિરાજ,ભૂધર૦ । આવ્યા પીરસવા મહારાજ,ભૂધર૦ ॥૩૪॥
પીરસે પંગતમાં હરિ પોતે,ભૂધર૦ । જન તૃપ્ત ન થાય જોતે,ભૂધર૦ ॥
લાડુ જલેબી લઈને,ભૂધર૦ । જાય જોરાજોર[1] દઈને,ભૂધર૦ ॥૩૫॥
બહુ પીરસે પ્રેમે કરી,ભૂધર૦ । ફરે પંગતમાં ફરી ફરી,ભૂધર૦ ॥
લેઈ લેઈ ભોજનનાં નામ,ભૂધર૦ । આપે ઘણે હેતે ઘનશ્યામ,ભૂધર૦ ॥૩૬॥
લીધા લટકે લાડુ હાથ,ભૂધર૦ । નિજજન જમાડે નાથ,ભૂધર૦ ॥
માસુખ[2] મુખમાં મોદક આપે,ભૂધર૦ । વળી મસ્તક ચરણે છાપે,ભૂ૦ ॥૩૭॥
દેતા દહીં દૂધ દોવટે[3],ભૂધર૦ । આપે ખાંડ સાકર કર મોટે,ભૂધર૦ ॥
પે'રી પછેડી ખેસની,ભૂધર૦ । શોભા શી કહું વેષની,ભૂધર૦ ॥૩૮॥

૧.પરાણે ૨.સુંવાળા ૩.બમણું

ચાલે ઉતાવળા ચટકે[૧],ભૂધર૦ । પે'રી ગૂડકી નાડી લટકે,ભૂધર૦ ॥
ફરે પંગતમાં બહુ ફેરા,ભૂધર૦ । પીરસે પાક પોતે ઘણેરા,ભૂધર૦ ॥૩૯॥
એમ જોરે[૨] જન જમાડે,ભૂધર૦ । પીરસી પીરસી હાર પમાડે,ભૂધર૦ ॥
એમ જમાડ્યા જન જ્યારે,ભૂધર૦ । કર પગ ધોયા તે વારે,ભૂધર૦ ॥૪૦॥
પછી ઉતારે પધાર્યા,ભૂધર૦ । નિજજન મન મોદ[૩] વધાર્યા,ભૂધર૦ ॥
ત્યાં ઢોલિયો ઢાળેલે,ભૂધર૦ । તે પર પાથરણાં પાથરેલે,ભૂધર૦ ॥૪૧॥
સુંદર ગાદલાં ગોદડે,ભૂધર૦ । ઓછાડ ઓસિસાં[૪] રૂડે,ભૂધર૦ ॥
મેલ્યાં ગાલમસુરિયાં ગાલે,ભૂધર૦ । ચાંપે ચરણ નિજજન વા'લે,ભૂધર૦ ॥૪૨॥
શીત[૫] ઋતુમાંહિ સારી,ભૂધર૦ । તાપે સુખડ્યે સુખકારી,ભૂધર૦ ॥
ચકમો ચોફાળ રજાઈ,ભૂધર૦ । ઓઢી પછેડી તે માંઈ,ભૂધર૦ ॥૪૩॥

---

૧.ચતુરાઈએ ૨.આગ્રહ કરીને ૩.આનંદ ૪.ઓશીકાં ૫.ઠંડી

ઉષ્ણ ઋતુમાં અવિનાશી,ભૂધર૦। શીતળ જળ પીતા સુખરાશી,ભૂધર૦॥
પંખા કરતા સેવક પાસે,ભૂધર૦। શીતળ ચંદન ચરચ્યાં દાસે,ભૂધર૦ ॥૪૪॥
ચોમાસામાં ચઢી ચાંખડિયે,ભૂધર૦। સુંદર સારી કર લાકડિયે,ભૂધર૦॥
ઓઢી કામળી સુંવાળી,ભૂધર૦। ધારી છતરી રૂપાળી,ભૂધર૦ ॥૪૫॥
આવી બેઠા સભામાંય,ભૂધર૦। જન સર્વે લાગ્યા પાય,ભૂધર૦॥
ત્યાં પરિયંક[૧] પાથરણે,ભૂધર૦। બેઠા રસિયો રાજીપણે,ભૂધર૦ ॥૪૬॥
તે પર ઓછાડ સોરંગી[૨],ભૂધર૦। બેઠા તકિયાને ઓઠંગી[૩],ભૂધર૦॥
નીરખી જન મન મગન થયાં,ભૂધર૦। સુંદર હાર પે'રાવ્યા તિયાં,ભૂધર૦ ॥૪૭॥
પછી ત્યાગી ગૃહી દાસે,ભૂધર૦। પૂછ્યા પ્રશ્ન પ્રભુ પાસે,ભૂધર૦॥
તેનો ઉત્તર કરતાં આપે,ભૂધર૦। કર[૪] લટકાં કરી દુઃખ કાપે,ભૂધર૦ ॥૪૮॥

૧.પલંગ ૨.રંગબેરંગી ૩.ટેકો દઈને ૪.હાથના

રૂડા પ્રશ્નને સાંભળી,ભૂધર૦ । ઊઠ્યા જનને મળવા વળી,ભૂધર૦ ॥
મળ્યા ત્યાગીને બહુ ભાતી[1],ભૂધર૦ । પછી છાપી ચરણે છાતી,ભૂધર૦ ॥૪૯॥
પછી સત્સંગી સુખસીમા,ભૂધર૦ । લીધાં તેણે ચરણ છાતીમાં,ભૂધર૦ ॥
એવાં અલૌકિક સુખ દેતા,ભૂધર૦ । આનંદ નિષ્કુળાનંદ લેતા,ભૂધર૦ ॥૫૦॥

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે તૃતીય ચિંતામણિઃ ॥૩॥**

---

૧.બહુ પ્રકારે

# ૪ લીલા ચિંતામણિ

## -: દોહા :-

પછી વાજાં લઈ વિધવિધનાં, કર્યું ગવૈયે ગાન ॥
તે ભેળા ભળી હરિ, ત્રોડે ત્રુગટી તાન ॥૦૧॥
સંત સહુ ઊભા થઈ, રચ્યો મનોહર રાસ ॥
ફરે કરે કીરતનને, તે ભેળા ફરે અવિનાશ ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

દીવો દીવી ને અજવાળે, દગે[1] દીઠા છે ॥
હાંડી[2] ફાનસે રૂપાળે, દગે દીઠા છે ॥
ઝાડ[3] મેતાબ[4] ઉજાસે,દગે૦ । શશી સૂરજને પ્રકાશે,દગે૦ ॥૦૩॥

૧.નજરે ૨.પારદર્શક વાસણમાં લટકતો દીવો ૩.આતશબાજી ૪.દારૂખાનું અથવા મશાલ

બળતી અગ્નિ બપોરિયે,દગેo । ગમતી દેહ ઘણું ગોરિયે,દગેo ॥
ઊઘડી રાત્ય ઉડુગણ[૧] તેજે,દગેo । એહ વિના ઉજાસે બીજે,દગેo ॥૦૪॥
વસંતે વસ્ત્ર પે'રી વસંતિ,દગેo । ખાંત્યે ખેલ કરતા અતિ,દગેo ॥
અબિર ગુલાલ નાખતા,દગેo । શોભા ન જાયે કૈ' ભાખતા[૨],દગેo ॥૦૫॥
કર લઈ ગુલાલગોટા,દગેo । નાખે નિજજન પર જોઈ મોટા,દગેo ॥
વળી પિચકારી નાખતા,દગેo । કરતા ખેલ બહુ મનગમતા,દગેo ॥૦૬॥
રંગ તાંસળી તાંબડિયે,દગેo । ઘણો ભરી ગાગરડિયે,દગેo ॥
રંગભીનો રમતા રંગે,દગેo । પોતાના સખા સંગે,દગેo ॥૦૭॥
સર્વે સખા રસબસ કરતા,દગેo । દઈ તાળી ધૂન્ય ઓચરતા[૩],દગેo ॥
રમતાં રમતાં વસ્ત્ર અંગનાં,દગેo । થયાં સરવે રાતા રંગનાં,દગેo ॥૦૮॥

૧.તારામંડળ ૨.બોલતા ૩.વર્ણવતા

કર ચરણ મુખ રંગેલે,દગે૦ । શોભે આંખ્યો તેજ ભરેલે,દગે૦ ॥
રમતા કુસ્તી મલની સાથે,દગે૦ । ના'વા જાતા સંત સંગાથે,દગે૦ ॥૦૯॥
ચઢ્યા ઘણેમૂલે[1] હરિ ઘોડે,દગે૦ । સર્વે સખા ચાલ્યા જોડે,દગે૦ ॥
નાહ્યા નિર્મળ જળમાં જઈ,દગે૦ । ત્યાં કરી લીલા કંઈ,દગે૦ ॥૧૦॥
ના'તાં ના'તાં સખા સાથે,દગે૦ । બહુ નીર ઉછાળે હાથે,દગે૦ ॥
પછે નાહી નીસર્યા બા'રે,દગે૦ । પે'ર્યાં કોરાં વસ્ત્ર ત્યારે,દગે૦ ॥૧૧॥
કર્યો કુંકુમનો ચાંદલો,દગે૦ । બહુ શોભે છે તે ભલો,દગે૦ ॥
નાહી નાથ આવ્યા ઉતારે,દગે૦ । કર્યાં દાસે દરશન ત્યારે,દગે૦ ॥૧૨॥
ના'તા નદી નદ[2] તળાવે,દગે૦ । કુંડ કૂવા સાગર વાવે,દગે૦ ॥
સમૈયા ઉત્સવ કરતા,દગે૦ । મેળામાંહિ ઘોડે ફરતા,દગે૦ ॥૧૩॥

૧.અતિ કીમતી ૨.મોટી નદી

મહારુદ્ર[૧] અતિરુદ્ર[૨] માંહિ,દગે૦ । કરી ચોરાશી પણ તાંહિ,દગે૦ ॥
બ્રહ્મભોજન કરાવ્યાં ભારે,દગે૦ । ખટ્માસ સુધી એક વારે,દગે૦ ॥૧૪॥
કર્યો વૃંદાનો ત્યાં વિવા,દગે૦ । ફર્યા ફુલેકામાં એવા,દગે૦ ॥
ધરી ઢાલ અલૌકિક અસિ[૩],દગે૦ । છડી લાકડી વળી વંસિ[૪],દગે૦ ॥૧૫॥
ખેલે સાંગ[૫] કમાન તીરે,દગે૦ । બાંધ્યો કટાર મહાવીરે,દગે૦ ॥
પેચકબજ[૬] કટારિયે,દગે૦ । છત્ર ચામર અબદાગરિયે,દગે૦ ॥૧૬॥
વળી ચાલતા હરિ વાટે,દગે૦ । સરિતા સાગર ને ઘાટે,દગે૦ ॥
રસ્તે વણરસ્તે વિચરતા,દગે૦ । વળી રાત્ય દિવસે ફરતા,દગે૦ ॥૧૭॥
તાઢ તડકામાં સંઘ સાથે,દગે૦ । ચાલે મેઘ વરસતા માથે,દગે૦ ॥
આંબા આંબલી છાંયડે,દગે૦ । આસોપાલવ પીપર વડે,દગે૦ ॥૧૮॥

૧.અગિયાર વખત લઘુરુદ્ર કરવો તે ૨.અગિયાર મહારુદ્ર મળી થતો યજ્ઞ ૩.તલવાર ૪.વાંસળી
૫.બરછી જેવું હથિયાર ૬.વાંકી, પહોળી, ભારે અને સોનાની મૂંઠવાળી તલવાર

પીપળ બકુળ[1] બોરસડિયે,દગે૦ । બીજાં બહુ તરુ બોરડિયે,દગે૦ ॥
ઠાકોર મંદિર કરવા કાજે,દગે૦ । લીધી માથે ઈંટ્ય મહારાજે,દગે૦ ॥૧૯॥
પથર કેલ[2] મૃત્તિકા માથે,દગે૦ । લઈ ચાલે સખા સાથે,દગે૦ ॥
એમ હરિ મંદિર કરાવી,દગે૦ । માંહી મૂર્તિયો પધરાવી,દગે૦ ॥૨૦॥
વળી હરિ મંદિરને ફરતા,દગે૦ । સો સો પ્રદક્ષિણા કરતા,દગે૦ ॥
જોતા મૂર્તિ સુંદર સારી,દગે૦ । ધાતુ પાષાણ પટ[3] પ્યારી,દગે૦ ॥૨૧॥
તેને દંડવત જો કરતા,દગે૦ । વળી સામું જોઈ બહુ રે'તા,દગે૦ ॥
જમતા પ્રસાદી બહુ પ્રીતે,દગે૦ । તુળસીદળ નિર્મળ સમીતે[4],દગે૦ ॥૨૨॥
પીતાં દૂધ પડતો દોરો[5],દગે૦ । પીધું ઘૃત ભરી કટોરો,દગે૦ ॥
વળી ઉત્સવ સમૈયા માંહિ,દગે૦ । આવ્યા દાસ હજારો ત્યાંહિ,દગે૦ ॥૨૩॥

૧.ચંપો ૨.કેળવેલો ચૂનો ૩.ચિત્રામણની ૪.સહિત ૫.દૂધની સફેદ રેખા

કરે દર્શન પૂજા દાસ,દગે૦ । તેનું ગ્રહણ કરે અવિનાશ,દગે૦ ॥
પૂજી સ્પર્શી લા'વો લીધો,દગે૦ । તેણે જન્મ સફળ કરી લીધો,દગે૦ ॥૨૪॥
જોઈ નાથ સમાધિ થઈ,દગે૦ । પડ્યાં પ્રાણ નાડી વિના કંઈ,દગે૦ ॥
નાવે સમાધિથી બા'રે,દગે૦ । વણભણે વેદ ઉચ્ચારે,દગે૦ ॥૨૫॥
વળી દેખે અક્ષરધામ,દગે૦ । લિયે ગોલોકનું નામ,દગે૦ ॥
શ્વેતદ્વીપ વૈકુંઠ દેખે,દગે૦ । બ્રહ્મપુર કૈલાસ પેખે,દગે૦ ॥૨૬॥
વળી વિશાળાના વાસી[1],દગે૦ । દેખે છે જન તે સુખરાશી,દગે૦ ॥
જગાડે સમાધિમાંથી જ્યારે,દગે૦ । કરે વાત ધામની ત્યારે,દગે૦ ॥૨૭॥
તે સાંભળી સુખધામ,દગે૦ । હસે મંદ મંદ ઘનશ્યામ,દગે૦ ॥
મુમુક્ષુને સાધુ કરતા,દગે૦ । નંદપદવી નામ ધરતા,દગે૦ ॥૨૮॥

૧.બદરિકાશ્રમનિવાસી નરનારાયણ દેવ

કહે દેશ પ્રદેશ ફરજ્યો,દગે૦ । સ્વામિનારાયણ ઉચ્ચરજ્યો,દગે૦ ॥
કથા કીરતન જે કા'વે,દગે૦ । સુણે હરે હરે કરી ભાવે,દગે૦ ॥૨૯॥
કાવ્ય કવિની સાંભળતા,દગે૦ । માળા તુલસીની ફેરવતા,દગે૦ ॥
સુખડ્ય સૂત્રની પણ સારી,દગે૦ । ફૂલમાળા પર બલહારી,દગે૦ ॥૩૦॥
શહેર પુર ગામ ઘોષે[1],દગે૦ । ફૂલવાડી વાડી નેસે,દગે૦ ॥
ખેત્ર ખળામાં મહારાજ,દગે૦ । તેના કામ કરાવા કાજ,દગે૦ ॥૩૧॥
રાજા રાંકને ભુવને,દગે૦ । શેઠ શાહુકાર સદને,દગે૦ ॥
લોક પટેલને ઘેરે,દગે૦ । બ્રહ્મસભામાં બહુ વેરે,દગે૦ ॥૩૨॥
કોય રોગી જોગી જાણી,દગે૦ । જાય પોતે તિયાં તાણી[2],દગે૦ ॥
ખરી ખબર તેની લેતા,દગે૦ । દિયે સુખ થાય જે દેતા,દગે૦ ॥૩૩॥

૧.ઝૂંપડામાં ૨.તણાઈને - અતિ ભાવથી

ભૂખ્યો પ્યાસો હોય કોઈ પ્રાણી,દગે૦ । આપે અન્નજળ દુઃખિયો જાણી,દગે૦ ॥
દીન ઉપર દયા ઘણી,દગે૦ । જેનો કોઈ ન હોય ધણી,દગે૦ ॥૩૪॥
વળી મોટાના મો'બતી[૧], દગે૦ । જન સારાના સોબતી,દગે૦ ॥
જાતાં વિવા' વરામાંહી,દગે૦ । જઈ આવે પોતે ત્યાંહી,દગે૦ ॥૩૫॥
કેને ઘેર થયા મે'માન,દગે૦ । કર્યું બહુ તેણે સનમાન,દગે૦ ॥
વળી મે'માન રાખતા,દગે૦ । તેની અવળાઈ સાંખતા,દગે૦ ॥૩૬॥
માંદાને જોવા જાતા,દગે૦ । વળી વઢતા ને વારતા,દગે૦ ॥
સબળ નિર્બળને સંતાપે,દગે૦ । તે તો ખમી ન શકે આપે,દગે૦ ॥૩૭॥
દુઃખી ગરીબની ગમ લેવી[૨],દગે૦ । હરિની સહજ પ્રકૃતિ એવી,દગે૦ ॥
કેને પ્રસાદી આપતા,દગે૦ । દર્શન દઈ દુઃખ કાપતા,દગે૦ ॥૩૮॥

૧.સંબંધ રાખનારા ૨.પીડા હરવી; દારિદ્ર્ય દૂર કરવું

કેને ફૂલહાર દિયે વસ્ત્ર,દગે૦ । ઘોડાં ઘરેણાં ને શસ્ત્ર,દગે૦ ॥
કેને ગાયો મહિષી રૂપૈયા,દગે૦ । કોરી કણ[1] ન જાય કહ્યા,દગે૦ ॥૩૯॥
જમાડે સાધુને સુખકારી,દગે૦ । જમે સાંખ્યયોગી સંસારી,દગે૦ ॥
બ્રાહ્મણ બ્રહ્મચારી ભેખધારી,દગે૦ । જમાડ્યાં રાંક મઉ[2] નરનારી,દગે૦ ॥૪૦॥
મઉને વસ્ત્ર રૂપૈયા દીધાં,દગે૦ । બહુ દુઃખિયા સુખિયા કીધાં,દગે૦ ॥
ભાટ ચારણ ઢાઢી[3] લંગાં[4],દગે૦ । રાવલ[3] રાસલિયાં[3] જન મંગાં[5],દગે૦ ॥૪૧॥
તેને વસ્ત્ર ઘરેણાં ઘોડા,દગે૦ । આપ્યાં ઘણાં નહિ કાંય થોડાં,દગે૦ ॥
વાવ્ય કુંડ કૂવા તળાવે,દગે૦ । તે તો પ્રભુ પોતે ગળાવે,દગે૦ ॥૪૨॥
પર્વ[6] સદાવ્રત બંધાવ્યાં,દગે૦ । આપ્યાં અનાવટે[7] અન્ન ભાવ્યાં,દગે૦ ॥
જ્ઞાન વૈરાગ્ય ને ધર્મ,દગે૦ । કે'તાં ભક્તિનો વળી મર્મ,દગે૦ ॥૪૩॥

૧.અનાજ ૨.કંગાલ લોકો ૩.એક પ્રકારના માંગણ ૪.ગાઈ-વગાડીને ગુજરાન ચલાવતી એક જાતિ ૫.મુંગા/ભિક્ષુક ૬.પાણીની પરબ ૭.વટેમાર્ગુને

પંચવિષય પરાજય કરી,દગ્ગેo । જીવને ભજાવતા હરિ,દગ્ગેo ॥
કેનેક કે'વું ઘટે તે કે'તા,દગ્ગેo । કોયનું સાંભળી પણ લેતા,દગ્ગેo ॥૪૪॥
હસતા રમતા ના'તા ખાતા,દગ્ગેo । ઘોડા ખેલવી ફૂદડી ફરતા,દગ્ગેo ॥
ધીરા ઉતાવળા પગ ધરતા,દગ્ગેo । વળી કરનાં લટકાં કરતા,દગ્ગેo ॥૪૫॥
જાતા વળતા ગાતા કે'તા,દગ્ગેo । નીર ખીર અમીરસ[1] પીતા,દગ્ગેo ॥
આસન કરતા મૂન્ય ગ્રહેતા,દગ્ગેo । ઉદાસી રહે સૂઈ જાગતા,દગ્ગેo ॥૪૬॥
પ્રકરણ ફેરી ધર્મ થાપતા,દગ્ગેo । કરતા નિજજનને નિમરતા,દગ્ગેo ॥
ગિરિ ગહ્વર[2] વન ઉપવને,દગ્ગેo । જોયા દેશ પ્રદેશે જીવનને,દગ્ગેo ॥૪૭॥
તાપસવેષે[3] કેશ શીશે,દગ્ગેo । એમ જીવ બહુ ઉપદેશે,દગ્ગેo ॥
નાસાગ્રેવૃત્તિ વણસમરતિ[4], દગ્ગેo । આંખ્ય મટકું પણ ન ભરતી,દગ્ગેo ॥૪૮॥

૧.અમૃત જેવો મીઠો રસ ૨.ગુફા ૩.તપસ્વી વેશે ૪.ભૂલ્યા વગર

પ્રાણાયામ કરતા યોગ શીખતા,દગે૦ । યોગકળા દેખાડી દેતા,દગે૦ ॥
એવી અનેક રૂડી રીતે,દગે૦ । ચિંતવું છું મૂર્તિ ચિત્તે,દગે૦ ॥૪૯॥
સૂતાં બેઠાં ને જાગતાં,દગે૦ । જાય દન એમ ચિંતવતાં,દગે૦ ॥
તેણે રહે છે અતિ આનંદ,દગે૦ । એમ કહે નિષ્કુળાનંદ,દગે૦ ॥૫૦॥

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે ચતુર્થ ચિંતામણિઃ ॥**

# ❺ માહાત્મ્ય ચિંતામણિ

## -: દોહા :-

એમ નખશિખા મૂર્તિ નાથની, સમરતાં સુખ થાય ॥
અહોનિશ ઉરમાં ધારતાં, કરવું રહે ન કાંય ॥૦૧॥
ચરિત્ર સર્વ ચિંતવી, મૂરતિ ધારે મન ॥
કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

મૂર્તિ તમારી સુખકારી, જીવન[1] જાણું છું ॥
છો અવતારના અવતારી, જીવન જાણું છું ॥
મહાસમર્થ છો મહારાજ,જીવન૦ । વળી આપે રાજાધિરાજ,જીવન૦ ॥૦૩॥

૧.હે પ્રાણઆધાર-આત્મા ! (હું તમને)

પુરુષોત્તમ પૂરણબ્રહ્મ,જીવન૦ । તમને નેતિ કહે નિગમ[1],જીવન૦॥
વાસુદેવ દયાળુ સ્વભાવ,જીવન૦ । મહાપુરુષ મહાનુભાવ,જીવન૦ ॥૦૪॥
નારાયણ નિર્વિકારી,જીવન૦ । મહા પરમ મંગલકારી,જીવન૦ ॥
ભક્તભયહારી ભગવાન,જીવન૦ । આપ્યાંઆશ્રિતનેઅભયદાન,જીવન૦ ॥૦૫॥
સચ્ચિદાનંદ દિવ્યમૂર્તિ,જીવન૦ । જેને અતિ અગમ કહે શ્રુતિ[1],જીવન૦ ॥
છો પરમ કલ્યાણકારી,જીવન૦ । એવી નૌતમ[2] મૂર્તિ ન્યારી,જીવન૦ ॥૦૬॥
તમે કોટિ બ્રહ્માંડાધીશ,જીવન૦ । વળી સર્વે તણા છો ઈશ,જીવન૦ ॥
ધર્મધુરંધર ધન્ય ધન્ય,જીવન૦ । ભક્તિધર્મના નંદન,જીવન૦ ॥૦૭॥
અલૌકિક મૂર્તિ આપે,જીવન૦ । જોયે જનમમરણ દુઃખ કાપે,જીવન૦ ॥
તમે કાળ માયાના નિયંતા,જીવન૦ । છો ગુણસાગર ગુણવંતા,જીવન૦ ॥૦૮॥

૧.વેદ ૨.જેનાથી બીજું કોઈ ઉત્તમ નથી તેવી

તમે ભવ બ્રહ્માના સ્વામી,જીવન૦ । અકળ મૂર્તિ અંતરજામી,જીવન૦ ॥
પતિતપાવનઅશરણશરણ,જીવન૦ । અધમઉદ્ધારણ અઘહરણ[1],જીવન૦ ॥૦૯॥
નખશિખ મૂર્તિ મંગળરૂપ,જીવન૦ । આવે જોએ સુખ અનૂપ,જીવન૦ ॥
આનંદ પાવ[2] આનંદકર[3],જીવન૦ । આનંદમાં મુખ મનોહર,જીવન૦ ॥૧૦॥
આનંદરૂપ અનુપમ એવું,જીવન૦ । સૌ જનને જોયા જેવું,જીવન૦ ॥
આનંદ વસન ભૂષણ અંગે,જીવન૦ । આનંદ આપો છો ઉછરંગે,જીવન૦ ॥૧૧॥
કૃપાસિંધુ છો ઘનશ્યામ,જીવન૦ । ક્રોધ લોભ નિવારણ કામ,જીવન૦ ॥
પરમાત્મા પૂરણબ્રહ્મ,જીવન૦ । નીલકંઠ કહે નિગમ,જીવન૦ ॥૧૨॥
જીવ ઈશ્વરના છો સ્વામી,જીવન૦ । વળી સર્વે ધામના ધામી,જીવન૦ ॥
ક્ષર અક્ષરથી છો પર,જીવન૦ । અક્ષરબ્રહ્મ તમારું ઘર,જીવન૦ ॥૧૩॥

૧.પાપોને હરનારા ૨.આનંદરૂપ ચરણ ૩.આનંદરૂપ હાથ.

કાળ માયા તમારી શક્તિ,જીવન૦ । કરો બહુ કારજ એ વતી,જીવન૦ ॥
કોટિ બ્રહ્માંડને કરે છે,જીવન૦ । ઉત્પત્તિ સ્થિતિ ને હરે છે,જીવન૦ ॥૧૪॥
તેના નિયંતા છો તમે,જીવન૦ । સત્ય સ્વામી જાણ્યા અમે,જીવન૦ ॥
કારણના કારણ કહીએ,જીવન૦ । કાળના પણ કાળ લહીએ[1],જીવન૦ ॥૧૫॥
આત્માના આત્મા છોજી,જીવન૦ । પ્રાણના પણ પ્રાણ છોજી,જીવન૦ ॥
તમે ઈશ્વરના ઈશ્વર,જીવન૦ । અંતરજામી છો અઘહર,જીવન૦ ॥૧૬॥
સર્વેના છો સાક્ષી[2] સાર,જીવન૦ । સકળ ફળના દેનાર,જીવન૦ ॥
સ્વયં જ્યોતિરૂપ રાજો[3],જીવન૦ । માયાગુણથી પર બિરાજો,જીવન૦ ॥૧૭॥
નિરાકાર નિરંજન કહે છે,જીવન૦ । તે શું તમારી ગતિ[4] લહે છે,જીવન૦ ॥
છો અખંડ અવિનાશી,જીવન૦ । માયારહિત છો સુખરાશી,જીવન૦ ॥૧૮॥

૧.જાણીએ ૨.નજરોનજર જોનારા ૩.પ્રકાશો ૪.રીતભાત

તમારી મૂર્તિનું પરિમાણ,જીવન૦ । કરી શકે શું અજાણ,જીવન૦ ॥
ચાર મુખે જો બ્રહ્મા ભાખે,જીવન૦ । પાંચ મુખે શિવ કહી દાખે,જીવન૦ ॥૧૯॥
સહસ્ર મુખે કહે શેષ,જીવન૦ । ષડાનન[1] ગાય ગણેશ,જીવન૦ ॥
તોય કોયે ન પામે પાર,જીવન૦ । એવી મૂર્તિ છે અપાર,જીવન૦ ॥૨૦॥
સર્વે શાસ્ત્ર પુરાણ માંયે,જીવન૦ । ગુણ તમારા ગવાયે,જીવન૦ ॥
સર્વે દેવ વંદન કરે છે,જીવન૦ । વેદ સ્તુતિ ઉચ્ચરે છે,જીવન૦ ॥૨૧॥
એવા સમર્થ સહુના સ્વામી,જીવન૦ । સહુ રહે છે શીશ નામી,જીવન૦ ॥
તમારો ભય ભૂમીને ભારી,જીવન૦ । તેણે રહી છે લોકને ધારી,જીવન૦ ॥૨૨॥
તમારા ભયે સમે[2] તરુ ફળે,જીવન૦ । ફૂલ ફળ વન સઘળે,જીવન૦ ॥
તમારા ભયથી શેષ હંમેશે,જીવન૦ । ચૌદ લોક ધાર્યા છે શીશે,જીવન૦ ॥૨૩॥

૧.છ મુખવાળા કાર્તિક સ્વામી  ૨.ઋતુ સમયે

તમારા ભય થકી સાક્ષાત,જીવન૦ । વસુ[1] વરસાવે વરસાત,જીવન૦ ॥
તમારા ભયથી સૂર્ય શશી,જીવન૦ । ફરે કાળશક્તિ અહોનિશી,જીવન૦ ॥ ૨૪॥
તમારા ભયે બ્રહ્માંડે મૃત્યુ,જીવન૦ । રહે છે સદા સર્વત્ર ફરતું,જીવન૦ ॥
બ્રહ્મા વિષ્ણુ શારદા શિવ,જીવન૦ । રહે છે મરજીમાં તતખેવ[2],જીવન૦ ॥ ૨૫॥
છે એક એક બ્રહ્માંડાધીશ,જીવન૦ । તે પણ નમાવે છે શીશ,જીવન૦ ॥
એવા છોજી એક નિયંતા,જીવન૦ । સહુ રહે છે તમથી ડરતા,જીવન૦ ॥ ૨૬॥
એવા મોટા છો મહારાજ,જીવન૦ । તે મળ્યા છો મને આજ,જીવન૦ ॥
તે તો નાથ કરી છે દયા,જીવન૦ । તે ગુણ કેમ કરી જાય કહ્યા,જીવન૦ ॥ ૨૭॥
તમે મે'ર મુજપર કીધી,જીવન૦ । વળી બુડતાં બાંહ્ય ગ્રહી લીધી,જીવન૦ ॥
જે જે કર્યો તમે ગુણ[3],જીવન૦ । બીજો કરે એવો કુણ[4],જીવન૦ ॥ ૨૮॥

૧.ઈન્દ્ર ૨.તત્કાળ ૩.ઉપકાર ૪.કોણ

તમે બિરુદ પાળ્યું તમારું,જીવન૦ । જોયું નહિ કર્તવ્ય અમારું,જીવન૦ ॥
તમેગર્ભવાસત્રાસટાળ્યો,જીવન૦ । એ તો આડો આંક જ વાળ્યો[1],જીવન૦ ॥૨૯॥
જનમતાં જતન કીધી,જીવન૦ । મારી બહુનામી બહુવિધિ,જીવન૦ ॥
ખાનપાન ખબર રાખી,જીવન૦ । શું હું દેખાડું કહી દાખી,જીવન૦ ॥૩૦॥
આજ સુધી પણ અમારી,જીવન૦ । રાખો છો ખબર સારી,જીવન૦ ॥
પળે પળે કરો પ્રતિપાળ,જીવન૦ । એવો બીજો કોણ દયાળ,જીવન૦ ॥૩૧॥
વળી અંતકાળે આવો છો,જીવન૦ । રથ વે'લ વિમાન લાવો છો,જીવન૦ ॥
વળી ઘણે મૂલે[2] ચઢી ઘોડે,જીવન૦ । આવો છો સખા લઈ જોડે,જીવન૦ ॥૩૨॥
એમ અલબેલાજી આવો,જીવન૦ । દેહ દાસ તણું મુકાવો,જીવન૦ ॥
તેને તેડી જાઓ છો સાથે,જીવન૦ । બેસારી રથ વિમાન માથે,જીવન૦ ॥૩૩॥

૧.સીમા પારનું સર્વોત્કૃષ્ટ સામર્થ્ય વાપર્યું; અનહદ દયા કરી ૨.મૂલ્યવાન

તેને આપો છો અક્ષરધામ,જીવન૦ । થાય છે જન તે પૂરણકામ,જીવન૦ ।।
બીજો એવો કોણ કૃપાળુ,જીવન૦ । તમ વિના દીઠા નહિ દયાળુ,જીવન૦ ।।૩૪।।
તમે દીનતણા છો બંધુ[1],જીવન૦ । સુખકારી સુખના સિંધુ[2],જીવન૦ ।।
તમે નાથ અનાથ જનના,જીવન૦ । તમે મહેરબાન છો મનના,જીવન૦ ।।૩૫।।
તમે નોધારાના આધાર,જીવન૦ । તમે દુર્બળના દાતાર,જીવન૦ ।।
તમે ભક્તના ભય હરતા,જીવન૦ । નિજજનને નિર્ભય કરતા,જીવન૦ ।।૩૬।।
તમે સંતજનના સ્નેહી,જીવન૦ । કાપો કષ્ટ પડે જેહી,જીવન૦ ।।
તમે દાસતણાં દુઃખ કાપી,જીવન૦ । કર્યા સુખિયા સુખ જ આપી,જીવન૦ ।।૩૭।।
એવા ભક્તવત્સલ ભગવાન,જીવન૦ । દીધાં આશ્રિતને અભયદાન,જીવન૦ ।।
તમે અશરણના[3] છો શરણ[4],જીવન૦ । દુઃખ ટાળી સુખના કરણ,જીવન૦ ।।૩૮।।

૧.હિતકર્તા ૨.સાગર ૩.નિરાધારના ૪.આધાર

નિજજનના સુખ સારુ,જીવન૦। ઈયાં આવવું છે તમારું,જીવન૦ ॥
તમે અગમ સુગમ થઈ,જીવન૦। આવી જન ઉદ્ધાર્યા કંઈ,જીવન૦ ॥૩૯॥
તમે નરતન ધરિયું નાથ,જીવન૦। સર્વે સામગ્રી લઈ સાથ,જીવન૦ ॥
દઈ દર્શ સ્પર્શનું દાન,જીવન૦। નિર્ભય જન કર્યા નિદાન,જીવન૦ ॥૪૦॥
મૂર્તિ તમારી મહારાજ,જીવન૦। સરે[1] સહુનાં જોઈ કાજ,જીવન૦ ॥
દર્શ સ્પર્શ જે તમારો,જીવન૦। મહામોટું સુખ દેનારો,જીવન૦ ॥૪૧॥
મળવું તમારું છે મોંઘું,જીવન૦। તે તો સહુને થયું છે સોંઘું,જીવન૦ ॥
કિયાં અમે કિયાં આપ,જીવન૦। કીડી કુંજરનો[2] મેળાપ,જીવન૦ ॥૪૨॥
સહુના નાથ તમે નિયંતા,જીવન૦। સર્વાધાર સર્વના કરતા,જીવન૦ ॥
સર્વે પર છો સર્વેશ્વર,જીવન૦। સહુના પ્રેરક પરમેશ્વર,જીવન૦ ॥૪૩॥

૧.સિદ્ધ થાય ૨.હાથીનો

ક્યાં તમે ને ક્યાં અમે,જીવન૦ । તે તો કૃપા કરી છે તમે,જીવન૦ ॥
તમેઅઢળક ઢળ્યા છો આજ,જીવન૦ । મહામે'ર કરી મહારાજ,જીવન૦ ॥૪૪॥
દેખી દુઃખિયા અતિ દાસ,જીવન૦ । તમે આવ્યા છો અવિનાશ,જીવન૦ ॥
કરવા અનેકનો ઉદ્ધાર,જીવન૦ । સહુ જનની લેવા સાર,જીવન૦ ॥૪૫॥
એવી તકમાં હું પણ આવ્યો,જીવન૦ । મારો ફેરો સફળ ફાવ્યો,જીવન૦ ॥
મારાં સરિયાં સર્વે કાજ,જીવન૦ । તે તો તમે મળ્યે મહારાજ,જીવન૦ ॥૪૬॥
દુઃખ દરિયામાંથી તાર્યો,જીવન૦ । વળી અધમને ઉદ્ધાર્યો,જીવન૦ ॥
મારા સાચા છો સનેહી,જીવન૦ । જોઈ જોઈ જોયું તેહી,જીવન૦ ॥૪૭॥
ખરી વેળાનો ખજીનો,જીવન૦ । છો દામ[૧] દોયલા[૨] દિનો,જીવન૦ ॥
મારા મરણ ટાણાની મૂડી,જીવન૦ । વળી ભવસાગરની હુડી[૩], જીવન૦ ॥૪૮॥

૧.ધન ૨.દુઃખના-વસમા ૩.હોડી

એહ ભરોંસો છે મોટો,જીવન૦ । તે તો કે દી ન થાય ખોટો,જીવન૦ ।।
બદલે નહિ બિરુદ તમારું,જીવન૦ । શીદ શંકા મનમાં ધારું,જીવન૦ ।।૪૯।।
છે અચળ મારે આશરો,જીવન૦ । ખરા દિનમાં ખરાખરો,જીવન૦ ।।
મૂર્તિ તમારી મિરાંથ[૧] મારી,જીવન૦ । નહીં મેલું હું હવે ન્યારી,જીવન૦ ।।૫૦।।
રાખીશ જીવ સાથે હું જડી,જીવન૦ । નહીં મેલું હું અળગી ઘડી,જીવન૦ ।।
તેમ નહીં મુકાય તમ થકી,જીવન૦ । કહે નિષ્કુળાનંદ નકી,જીવન૦ ।।૫૧।।

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે પંચમ ચિંતામણિઃ ।।૫।।**

૧.સાચી સંપત્તિ; મરણ મૂડી

# ૬ સુખ ચિંતામણિ

## -: દોહા :-

એહ ભરોંસો ભીંતરે, અચળ છે ઉરમાંય ॥
શરણાગતની શ્યામળા, સદા કરો છો સહાય ॥૦૧॥
સુખના સાગર શ્રીહરિ, સદા સર્વદા શ્યામ ॥
નિજજનના નિધિ નાથજી, પુરુષોત્તમ પૂરણકામ ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

મૂર્તિ તમારી મહારાજ, સુખકારીજી ॥
સૌ જનનો સુખ સમાજ, સુખકારીજી ॥
સગુણ મૂર્તિ સુખભંડાર,સુખ૦ । સ્પરશી બહુ પામ્યા ભવપાર,સુખ૦ ॥૦૩॥

પ્રગટ મૂર્તિ પ્રતાપે,સુખ૦ । સુરાસુર ઉદ્ધાર્યા આપે,સુખ૦ ॥
જે જે પ્રગટ પ્રસંગ પામ્યાં,સુખ૦ । તેનાં સર્વે સંકટ વામ્યાં,સુખ૦ ॥૦૪॥
તમથી સરિયાં સૌનાં કામ,સુખ૦ । તમે સૌના સુખ વિશ્રામ,સુખ૦ ॥
સ્પરશી પગ અંગૂઠો હવી[1],સુખ૦ । જન બહુ તારણ જાહ્નવી[2],સુખ૦ ॥૦૫॥
વળી પદરજ સ્પરશી શલ્યા,સુખ૦। થઈ ગૌતમ તરુણી અહલ્યા,સુખ૦ ॥
એવો પદરજનો પ્રતાપ,સુખ૦ । ટળ્યો તરત તેનો સંતાપ,સુખ૦ ॥૦૬॥
વળી પદ સ્પર્શતાં કાળી[3],સુખ૦ । થયો નિર્ભય ભવભય ટાળી,સુખ૦ ॥
વૃંદાવનનાં વેલી વન,સુખ૦ । થયાં પદરજથી પાવન,સુખ૦ ॥૦૭॥
ઉદ્ધવ અક્રૂરને મન પ્યારી,સુખ૦ । એવી પદરજ છે તમારી,સુખ૦ ॥
પગ પાવન પ્રીતે જોઈ,સુખ૦ । તુલસી રહી છે ત્યાં મોઈ,સુખ૦ ॥૦૮॥

૧.થઈ ૨.ગંગા ૩.કાલિય નાગ

એવાં ચરણ સદા સુખકારી,સુખ૦ । ધરે ધ્યાન તેનું ત્રિપુરારી[૧],સુખ૦ ॥
શેષ સુરેશ અજ[૨] શશી,સુખ૦ । અર્ક[૩] અગ્નિ જે તેજસ્વી,સુખ૦ ॥૦૯॥
નારદ શારદ સહસ્ર અઠ્યાસી,સુખ૦ । તે પણ હરિપગના ઉપાસી,સુખ૦ ॥
એવા અશરણશરણ ચરણ,સુખ૦ । ધારે હરિજન અંતઃકરણ,સુખ૦ ॥૧૦॥
પૂજે જન મળી વળી પ્રીતે,સુખ૦ । વળી ચિંતવે છે નિત્ય ચિત્તે,સુખ૦ ॥
એવા પગ પાવન છે બહુ,સુખ૦ । સુખદ જાણી સેવે સહુ,સુખ૦ ॥૧૧॥
સ્પર્શી પાવન છે પૃથવી,સુખ૦ । તેણે રાજી રહે નિત્ય નવી,સુખ૦ ॥
એવા પાવલિયાને પેખી,સુખ૦ । દિલડું રિઝે જનનું દેખી,સુખ૦ ॥૧૨॥
જંઘા જોઈને ઈન્દિરા[૪],સુખ૦ । ચરણ ચાંપે ધીરા ધીરા,સુખ૦ ॥
જાનુ જુગલ જોઈ જન,સુખ૦ । સદા સુખી મન મગન,સુખ૦ ॥૧૩॥

૧.શંકર ૨.બ્રહ્મા ૩.સૂર્ય ૪.લક્ષ્મીજી

સાથળ સુંવાળી બે સારી,સુખ૦ । મગન પીઠ ધરી પન્નગારી[૧],સુખ૦ ॥
ઉદર સુંદર અતિ સારું,સુખ૦ । જોઈ જન ત્યાં રહ્યા હજારું,સુખ૦ ॥૧૪॥
નાભિ થકી અજ ઉપજી,સુખ૦ । પામ્યા મોટ્યપ મનરંજી[૨],સુખ૦ ॥
ઉર જોઈ શોભાધામ,સુખ૦ । કર્યો કમળાએ વિશ્રામ,સુખ૦ ॥૧૫॥
ગળે શોભા જોઈ ઘણી,સુખ૦ । પામી સુખ ત્યાં કૌસ્તુભમણિ,સુખ૦ ॥
મુખે સુખ પામી સરસ્વતી,સુખ૦ । રહી છે રાજી થઈને અતિ,સુખ૦ ॥૧૬॥
મુખે સુખ પામ્યા કંઈ જન,સુખ૦ । મુખ સહુનું સુખ સદન,સુખ૦ ॥
મુખે મોહ્યા મોટા મુનિ,સુખ૦ । મુખ સુખનિધિ સહુની,સુખ૦ ॥૧૭॥
મુખ જોઈ દુઃખ ટળે છે,સુખ૦ । આવે સુખ શાંતિ વળે છે,સુખ૦ ॥
એવું મુખ સુખનું દેનાર,સુખ૦ । જેથી સુખ પામ્યાં નરનાર,સુખ૦ ॥૧૮॥

૧.ગરુડ ૨.મનને આનંદ આપનાર

ભુજા બેઉ સુખના ભરિયા,સુખ૦। મળી તાપ તનના હરિયા,સુખ૦ ॥
કરને લટકે કારજ કીધાં,સુખ૦। જોઈ જન મને સુખ લીધાં,સુખ૦ ॥૧૯॥
અભય વર બે રહ્યાં હાથે,સુખ૦। એવા કર મેલે જન માથે,સુખ૦ ॥
કર આંગળી સુખસદન,સુખ૦ । જેણે ધાર્યો ગોવર્ધન,સુખ૦ ॥૨૦॥
રાખ્યાં ગાય ગોપી ગોવાળ,સુખ૦। કરી વ્રજજનની પ્રતિપાળ,સુખ૦ ॥
હાથે દાસ તણાં દુઃખ હરિયાં,સુખ૦। આપી સુખ સુખિયાં કરિયાં,સુખ૦ ॥૨૧॥
એમ સાકાર મૂર્તિ સંબંધે,સુખ૦। સુખિયા આદિ અંતે મધ્યે,સુખ૦ ॥
મૂર્તિ વડે મોટ્યપ સહુની,સુખ૦ । કોણ તપસી ઋષિ મુનિ,સુખ૦ ॥૨૨॥
મૂર્તિ મેલી મોટપ્ય ઈચ્છે,સુખ૦। તેને વાત બની[૧] બગડી છે,સુખ૦ ॥
શૂન્ય સુમનની[૨] નોય દામ,[૩] સુખ૦। મૂર્ખ તેની કરે છે હામ,સુખ૦ ॥૨૩॥

૧.સુધરેલી ૨.આકાશના પુષ્પની ૩.માળા

તેમ મૂર્તિ તમારી મેલી,સુખ૦ । સુખ સાટે મળશે સેલી[૧],સુખ૦ ॥
તમે જનના સુખને કાજ,સુખ૦ । સદા સાકાર છો મહારાજ,સુખ૦ ॥૨૪॥
સાકાર વિના ન સરે કામ,સુખ૦ । માટે સાકાર છો સુખધામ,સુખ૦ ॥
ચાર વેદ વદે એ વાત,સુખ૦ । પ્રભુ પ્રગટ છો સાક્ષાત,સુખ૦ ॥૨૫॥
ષટશાસ્ત્ર[૨] કે' છે ખોળી,સુખ૦ । મોટપ્ય પ્રગટની વણતોળી,સુખ૦ ॥
અઢાર પુરાણમાં એમ કહે છે,સુખ૦ । પ્રભુ સદા સાકાર રહે છે,સુખ૦ ॥૨૬॥
સ્મૃતિ શ્રુતિનું એ તાન,સુખ૦ । સદા સાકાર રહે ભગવાન,સુખ૦ ॥
તેણે કરી રહે છે સમું,સુખ૦ । નહીં તો વણસી[૩] થાયે વસમું,સુખ૦ ॥૨૭॥
ન રહે એક સ્થિતિ એક રીતી,સુખ૦ । સહુ કોઈ આદરે અનીતિ,સુખ૦ ॥
ધર્મ ધરા પર ન રહે,સુખ૦ । સહુ કોઈ અધર્મને ગ્રહે,સુખ૦ ॥૨૮॥

૧.રાખ ૨.સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, વેદાંત-મીમાંસા ૩.બગડીને

દેવ દાનવ માનવ મુનિ,સુખ૦ । માને નહીં મરજાદા કોયની,સુખ૦ ॥
ચાર વર્ણ આશ્રમ ચાર,સુખ૦ । સહુ ભ્રષ્ટ થાય નરનાર,સુખ૦ ॥૨૯॥
માટે સહુના ધર્મ રખાવા,સુખ૦ । તમે રહો આવાના આવા,સુખ૦ ॥
અધર્મ ઉથાપી ધર્મ થાપો,સુખ૦ । તમે હરિજનને સુખ આપો,સુખ૦ ॥૩૦॥
તમે ધર્મધુરંધર કા'વો,સુખ૦ । ધર્મ સારુ ધરા પર આવો,સુખ૦ ॥
તમે ધર્મ તણી છો ઢાલ,સુખ૦ । ધર્મવર્મ[1] ધર્મલાલ,સુખ૦ ॥૩૧॥
ધર્મપાળક ધર્મકુમાર,સુખ૦ । તમે સંતજનના શણગાર,સુખ૦ ॥
દાસ દોષ નિવારણ નાથ,સુખ૦ । એમ કહે છે સહુ જન સાથ,સુખ૦ ॥૩૨॥
તમે ભક્ત તણા ભયહારી,સુખ૦ । તમે સંતજનના સુખકારી,સુખ૦ ॥
કપટી કુટિલ દગાદાર,સુખ૦ । તેના નાશના કરનાર,સુખ૦ ॥૩૩॥

૧.ધર્મના કવચરૂપ-રક્ષક

તમે અધર્મીના અરિ કા'વો,સુખ૦ । નમેરી[1] ઉપર મે'ર ન લાવો,સુખ૦ ॥
કુકર્મી કુબુદ્ધિના છો કાળ[2],સુખ૦ । તમે નિજજનના પ્રતિપાળ,સુખ૦ ॥૩૪॥
તમારી મૂર્તિ મીરાંથ મોટી,સુખ૦ । સેવી સુખ પામ્યા કૈ કોટિ,સુખ૦ ॥
તમારી મૂર્તિ ચિંતામણિ,સુખ૦ । સમું ચિંતવે સુખનિધિ ઘણી,સુખ૦ ॥૩૫॥
સંતજન ચિંતવે છે સવળું,સુખ૦ । અસંતજન ચિંતવે છે અવળું,સુખ૦ ॥
જે જે જન ચિંતવે છે જેવું,સુખ૦ । તે તે ફળ પામે છે તેવું,સુખ૦ ॥૩૬॥
કલ્પતરુ તુલ્ય તમે,સુખ૦ । ચિંતવે જે જનને જેવું ગમે,સુખ૦ ॥
કલ્પતરુ ચિંતામણિ કહીએ,સુખ૦ । તમને તે ઉપમા કેમ દઈએ,સુખ૦ ॥૩૭॥
તે તો સુખદુઃખના દેનાર,સુખ૦ । તમે સદા સુખભંડાર,સુખ૦ ॥
જોને અસુર અભાગી અતિ,સુખ૦ । મહા દુષ્ટમય દુરમતિ,સુખ૦ ॥૩૮॥

૧.નિર્દય ૨.નાશ કરનાર

કરતા મનસૂબા મારવા,સુખ૦ । નિત્ય પ્રત્યે નવા નવા,સુખ૦ ॥
તેને મારી મોક્ષ આપી,સુખ૦ । એવી મૂર્તિ કહી પ્રતાપી,સુખ૦ ॥૩૯॥
માટે મૂર્તિ મંગળમૂળ,સુખ૦ । એથી પામ્યા સુખ અતૂળ,સુખ૦ ॥
એથી અમંગળ નહીં કેનું,સુખ૦ । શું શું કહી દેખાડું તેનું,સુખ૦ ॥૪૦॥
મંગળ કરચરણાદિક કહિયે,સુખ૦ । મંગળ નખશિખા લગી લહિયે,સુખ૦ ॥
મંગળ ચાલ્ય ચરિત્ર માનું,સુખ૦ । મંગળમાં અમંગળ શાનું,સુખ૦ ॥૪૧॥
મંગળ દેવું લેવું એવું,સુખ૦ । સર્વે મંગળકારી કે'વું,સુખ૦ ॥
મંગળકારી વાણી મુખની,સુખ૦ । મંગળ દૃષ્ટિ કરો છો સુખની,સુખ૦ ॥૪૨॥
સર્વે ક્રિયા મંગળકારી,સુખ૦ । મંગળ મૂર્તિની બલિહારી[૧],સુખ૦ ॥
મંગળમય મૂર્તિ જેણે જોઈ,સુખ૦ । તેને ન્યૂન[૨] ન રહી કોઈ,સુખ૦ ॥૪૩॥

૧.વારી જવાય એવી અદ્ભુત  ૨.ખોટ્ય-ખામી

મંગળ મૂર્તિને પ્રતાપ,સુખ૦ । સ્પર્શે પ્રજળે[૧] પૂરણ પાપ,સુખ૦ ॥
મંગળ મૂર્તિને સમરતાં,સુખ૦ । મટે સંકટ શ્રીહરિ કરતાં,સુખ૦ ॥૪૪॥
મંગળ મૂર્તિને ચિંતવતાં,સુખ૦ । કિલ્બિષ[૨] જાય શુભ થાય સેવતાં,સુખ૦ ॥
મંગળ મૂર્તિનું ધ્યાન ધરતાં,સુખ૦ । થાય અંતરમાં સુખસમતા[૩],સુખ૦ ॥૪૫॥
મંગળ મૂર્તિના ગુણ ગાવતાં,સુખ૦ । માટે મેં નથી મુકાતા,સુખ૦ ॥
મંગળ મૂર્તિ જોઈ મન રાતો[૪],સુખ૦ । તેણે રહું છું ફુલાતો,સુખ૦ ॥૪૬॥
મંગળ મૂર્તિ જોઈ મેં મને,સુખ૦ । રાજી રહું છું રાત્ય દને,સુખ૦ ॥
મંગળ મૂર્તિ જોતાં મારે,સુખ૦ । સઈ[૫] ઓછપ્ય છે આ વારે,સુખ૦ ॥૪૭॥
પૂર્ણકામ પ્રગટ પ્રતાપે,સુખ૦ । એમ મને મનાણું આપે,સુખ૦ ॥
તેનો નથી થાપ-ઉથાપ[૬],સુખ૦ । તે તો પ્રગટને પ્રતાપ,સુખ૦ ॥૪૮॥

૧.બળે ૨.પાપ ૩.સુખ-શાંતિ ૪.આનંદિત ૫.કઈ અથવા શું ૬.ડગમગાટ

મૂર્તિ સંભારવા સારુ,સુખ૦ । કરતું મનસૂબો મન મારું,સુખ૦ ॥
તે તો પૂરણ થયો પ્રમાણ,સુખ૦ । કર્યાં મૂર્તિનાં વખાણ,સુખ૦ ॥૪૯॥
હરિસ્મૃતિ થાય હૈયે,સુખ૦ । માટે હરિસ્મૃતિ કહિયે,સુખ૦ ॥
કે'તાં સુણતાં મટે ભવફંદ[1],સુખ૦ । એમ કહે નિષ્કુળાનંદ,સુખ૦ ॥૫૦॥

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે ષષ્ઠ ચિંતામણિઃ ॥૬॥**

૧.સંસારનું બંધન

# ૭ મૂર્તિ ચિંતામણિ

## -: દોહા :-

અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર ॥
જોતાં નાવે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર ॥૦૧॥
સમર્થ મૂર્તિ સુખ ભરી, ધરી ન ધરશે કોય ॥
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય ॥૦૨॥

## -: ચોપાઈ ધ્રુવપદી :-

પ્રગટ પ્રબળ મૂરતિ, અચરજકારી[૧] છે ॥
જેને નેતિ નેતિ કહે શ્રુતિ, અચરજકારી છે ॥
અકળ અનુપ અમાપ,અચ૦ । કોય કરી શકે નહીં થાપ[૨],અચ૦ ॥૦૩॥

૧.આશ્ચર્ય ઊપજાવનારી ૨.માપ

અગમ અતોલ અપાર,અચ૦ । નિગમે ન થાય નિરધાર,અચ૦ ॥
શિવ બ્રહ્મા સરખા કહે છે,અચ૦ । તોય અતિ અપાર રહે છે, અચ૦ ॥૦૪॥
પ્રગટ મૂર્તિનો મહિમાય,અચ૦ । સર્વે સુખ તણી સીમાય[1],અચ૦ ॥
મોટ્યપ હરિમૂર્તિની અતિ,અચ૦ । કે'તાં કહેવાય નહીં કોયવતી,અચ૦ ॥૦૫॥
જે જે હરિ મૂર્તિથી થયું,અચ૦ । તે તે મેં ન જાય કહ્યું,અચ૦ ॥
બહુ બહુ થાય ચમત્કાર,અચ૦ । તેને કહેતાં ન આવે પાર,અચ૦ ॥૦૬॥
જે કોય કેદી ન સૂણ્યું કાન,અચ૦ । તે તો દેખાડ્યું ભગવાન,અચ૦ ॥
અલૌકિક વસ્તુ આવે લોકે,અચ૦ । તે તો જન સહુ અવલોકે,અચ૦ ॥૦૭॥
અશન[2] વસન[3] સુંદર માળા,અચ૦ । પ્રસાદી દાળ્ય રોટા[4] રૂપાળા,અચ૦ ॥
તલલાડુ તોરા હાર,અચ૦ । ફળ ફૂલ અમૂલ્ય અપાર,અચ૦ ॥૦૮॥

૧.પરાકાષ્ઠા-સર્વોત્તમ સુખસ્વરૂપ ૨.ભોજન ૩.વસ્ત્ર ૪.રોટલા

પામે સમાધિયે તે દાસ,અચ૦ । જાગે જ્યારે ત્યારે રહે પાસ,અચ૦ ।।
જે જે આપે સમાધિમાંયે,અચ૦ । તે તે લઈ આવે જન આંયે,અચ૦ ।।૦૯।।
અમાયિક માયિકમાં આવે,અચ૦ । એથી અન્ય આચરજ શું કા'વે,અચ૦ ।।
વળી અનેક પરચા આપે,અચ૦ । પામે જન પ્રગટ પ્રતાપે,અચ૦ ।।૧૦।।
તે તો કે'તાં ન કે'વાયે,અચ૦ । મોટો હરિમૂર્તિ મહિમાયે,અચ૦ ।।
જે જે આ સમાની વાત,અચ૦ । તે દીઠી મેં સાક્ષાત,અચ૦ ।।૧૧।।
સંતદાસ પ્રગટ પ્રતાપે,અચ૦ । ગયા જળમાં ના'વા આપે,અચ૦ ।।
દીધી જળમાં[૧] ડૂબકી દાસે,અચ૦ । નીસર્યા નરનારાયણ પાસે[૨],અચ૦ ।।૧૨।।
તિયાં દોઢ માસ રઈ,અચ૦ । ત્યાંની ખબર આવ્યા લઈ,અચ૦ ।।
તે તો આચરજ વાત કહેવાય,અચ૦ । આ દેહે એમ જવાય,અચ૦ ।।૧૩।।

૧.હમીર સરોવરમાં(ભુજ) ૨.બદરિકાશ્રમમાં

વળી ફરી મેલ્યા મહારાજે,અચ૦। હિમાળો[1] ઉલ્લંઘ્યો મુનિરાજે,અચ૦॥
આવી પથરા[2] નદી ત્યાંયે,અચ૦। ઉતર્યા શ્રીહરિની ઈચ્છાયે,અચ૦॥૧૪॥
નાહ્યા માનસરોવર ઘાટે,અચ૦। કૈંકૈ કારજ કીધાં વાટે,અચ૦॥
એહ સામર્થી સ્વામીની,અચ૦। બીજી કહું બહુનામીની,અચ૦॥૧૫॥
એક સચ્ચિદાનંદ સંત,અચ૦। મહામોટા સાધુ અત્યંત,અચ૦॥
તેને રૂંધ્યા ઘરમાં ઘાલી,અચ૦। રાખી ચોકી તાળાં આલી,અચ૦॥૧૬॥
તેમાંથી નીસરી ગયા,અચ૦। તાળાં તેમનાં તેમ રહ્યાં,અચ૦॥
ભૌતિક દેહ અભૌતિક થયું,અચ૦। એહ કારણ હરિનું કહ્યું,અચ૦॥૧૭॥
વળી હરિમૂરતિ પ્રતાપે,અચ૦। સુખિયા થયા સાધુ આપે,અચ૦॥
એક વ્યાપકાનંદ મુનિ,અચ૦। તે પર મે'ર મોટી પ્રભુની,અચ૦॥૧૮॥

૧.હિમાલય ૨.જેમાં પડવાથી શરીર થીજીને પથ્થર જેવું બની જાય એવી

સદા રહે મૂર્તિ માંઈ,અચ૦ । હરે ફરે હરિઈચ્છાઈ,અચ૦ ॥
વળી જે જે બોલે જિહ્વાય,અચ૦ । તે તો તેમનું તેમ થાય,અચ૦ ॥૧૯॥
એક મૂઈ જીવાડી ઘોડી,અચ૦ । એહ વાત નહિ કાંયે થોડી,અચ૦ ॥
વળી વાડવસુત[1] જીવાડ્યો,અચ૦ । પ્રગટ પ્રતાપે ઉઠાડ્યો,અચ૦ ॥૨૦॥
તે સામર્થી સહજાનંદની,અચ૦ । કહિ કેમ જાય આનંદકંદની[2],અચ૦ ॥
વળી વ્યાપકાનંદે એક,અચ૦ । કાપી કષ્ટ ઉગાર્યો વણિક,અચ૦ ॥૨૧॥
એવાં અનેક અલૌકિક કાજ,અચ૦ । કર્યાં સંત દ્વારે મહારાજ,અચ૦ ॥
વળી સંત સ્વરૂપાનંદ,અચ૦ । જેને અંતર સદા આનંદ,અચ૦ ॥૨૨॥
કરી સમાધિ સંયમિની[3] ગયા,અચ૦ । દીઠા જીવ દુઃખિયા તિયાં,અચ૦ ॥
નરકકુંડમાં નરનાર,અચ૦ । પાપી પીડાતાં અપાર,અચ૦ ॥૨૩॥

૧.બ્રાહ્મણનો દીકરો ૨.આનંદના મૂળની ૩.યમપુરી

તેને દેખી દયા આવી,અચ૦ । બોલ્યા હરિમૂર્તિ બળ લાવી,અચ૦ ॥
નીસરો નરક થકી સહુ બા'ર,અચ૦ । પ્રગટ પ્રતાપે નરનાર,અચ૦ ॥૨૪॥
કાઢી જીવ કીધા કુંડ ખાલી,અચ૦ । જેને જમે નાખ્યા'તા ઝાલી,અચ૦ ॥
તે નીસર્યા હરિ પ્રતાપે,અચ૦ । એ તો અતોળ[1] વાત અમાપે,અચ૦ ॥૨૫॥
એક હરિજન પર્વતભાઈ,અચ૦ । સદા રહે હરિમૂર્તિમાંઈ,અચ૦ ॥
એક દિન વિચાર્યું એવું,અચ૦ । વરાહરૂપ હશે વળી કેવું,અચ૦ ॥૨૬॥
ત્યાં તો રૂપ રૂડાં ચોવીશે,અચ૦ । ઊભાં આગળ નજરે દીશે,અચ૦ ॥
એક એકથી અનુપ,અચ૦ । ચિત્તચોર ચોવીશે રૂપ,અચ૦ ॥૨૭॥
વળી પ્રગટ મૂર્તિ[2] પાસે,અચ૦ । ઊભી દીઠી તે પણ દાસે,અચ૦ ॥
સર્વે રૂપ સમાણાં તેમાં,અચ૦ । પ્રગટ મૂર્તિ સુખની સીમા,અચ૦ ॥૨૮॥

૧.તુલના ન થાય તેવી-અજોડ  ૨.ધર્મ-ભક્તિના પુત્ર પ્રત્યક્ષ શ્રીહરિ

તે તો પર્વતભાઈ પાસ,અચ૦ । સદા રહે છે શ્રીઅવિનાશ,અચ૦ ॥
એવી વાત આજ દિન પે'લી,અચ૦ । નથી શ્રવણે સાંભળેલી,અચ૦ ॥૨૯॥
વળી એહ મૂર્તિના બળે,અચ૦ । થયું કામ કહું એક પળે,અચ૦ ॥
એક ભક્ત રૂડો રતનો,અચ૦ । કરે ધ્યાન ધંધો ઘરનો,અચ૦ ॥૩૦॥
તેને ઘેર દિવ્ય સ્વરૂપે,અચ૦ । આવ્યા નાથ રથ અનુપે,અચ૦ ॥
હતો રથ હાલો હાલ્યે[૧],અચ૦ । વળગ્યો રથને રતનો વાલ્યે,અચ૦ ॥૩૧॥
પોહોત્યો પલમાં જુગ[૨] જોજને[૨],અચ૦ । બેઠા બાંધે બાર સદને[૩],અચ૦ ॥
તે તો દીધું હતું દોકાન[૪],અચ૦ । તેમાં મૂકી ગયા ભગવાન,અચ૦ ॥૩૨॥
ભૌતિકભાવ[૫] રહ્યો નહિ રતિ,અચ૦ । પામ્યા દિવ્ય દેહની ગતિ,અચ૦ ॥
એવા અનંત ચમતકાર,અચ૦ । પ્રગટ મૂર્તિમાં અપાર,અચ૦ ॥૩૩॥

---

૧.અતિ વેગમાં ચાલતો રથ  ૨.જુગ = બે. એક જોજન = ચાર ગાઉ  ૩.બંધ બારણાવાળા ઘરમાં પ્રવેશ્યા  ૪.દુકાન  ૫.જેને આવરણ નડે એવો માયિકભાવ

વળી એક મેઘ હલવાઈ[1],અચ૦ । સદા રહે સમાધિમાંઈ,અચ૦ ॥
કરે કંદોઈનું કાજ,અચ૦ । પળ ભૂલે નહીં મહારાજ,અચ૦ ॥૩૪॥
તપાવે તેલ અતિ તાવડે,અચ૦ । તેમાંથી કળી[2] કાઢે કર વડે,અચ૦ ॥
તેમાં રતી ન દાઝે આપે,અચ૦ । તે તો હરિમૂર્તિ પ્રતાપે,અચ૦ ॥૩૫॥
વળી એક ડોસો યવન[3],અચ૦ । તેને થયું હરિનું દર્શન,અચ૦ ॥
રહી મૂર્તિ અંતરમાંઈ,અચ૦ । ભૂલ્યો દેહ દીસે નહિ કાંઈ,અચ૦ ॥૩૬॥
તેને બાપે બાંધ્યો બંધે[4],અચ૦ । રોક્યો ઘરમાં ઘાલી સંબંધે,અચ૦ ॥
આપ્યાં[5] કમાડ દીધાં તાળાં,અચ૦ । બેઠા બારણે રખવાળા,અચ૦ ॥૩૭॥
તેમાંથી દેહ અદર્શ થઈ,અચ૦ । નીસર્યો બાર ગાઉ પર[6] જઈ,અચ૦ ॥
ત્યાં પણ બંધ કર્યો વળી બીજે[7], અચ૦ । ત્યાંથી નીસરી ગયો ત્રીજે,અચ૦ ॥૩૮॥

---

૧.માંગરોળના મેઘજી સુખડિયા ૨.બુંદી-ગુંદી ૩.ડોસાભાઈ મુસલમાન (અમદાવાદના)
૪.દોરીએ ૫.બંધ કર્યાં ૬.ધોળકા પાસે ૭.બીજાં તેમનાં સગાંઓએ

આવરણ એક આડું નવ રહ્યું,અચ૦ । ભૌતિક દેહ અભૌતિક થયું,અચ૦ ॥
તે તો જાણે છે જન મનમાં,અચ૦ । એહ સામર્થી ભગવનમાં,અચ૦ ॥૩૯॥
એવી કેટલીક વાતો કરિયે,અચ૦ । પ્રગટ મૂર્તિની વૈખરિયે[1],અચ૦ ॥
ઘણી વાત થોડામાં કહી,અચ૦ । બીજી ઘણી ગ્રંથોમાં રહી,અચ૦ ॥૪૦॥
સર્વે વાત સંભારી કહેવા,અચ૦ । નથી આ જગમાં કોઈ એવા,અચ૦ ॥
જોયું અંતર ઊંડું ખોળી,અચ૦ । સામર્થ્ય વાલામાં વણતોળી[2],અચ૦ ॥૪૧॥
આ મૂર્તિની જે મોટાઈ,અચ૦ । નાવે નાવે કહ્યામાંઈ,અચ૦ ॥
આ મૂર્તિ સહુથી ન્યારી,અચ૦ । શું હું કહું વડાઈ[3] વિસ્તારી,અચ૦ ॥૪૨॥
આ મૂર્તિ સહુથી નોખી,અચ૦ । ચોક્કસ વાત કહું છું ચોખ્ખી,અચ૦ ॥
આ મૂર્તિ નહિ અન્ય જેવી,અચ૦ । હરિ ધરી ન ધરશે એવી,અચ૦ ॥૪૩॥

૧.વૈખરી નામની માયિક વાણીએ ૨.અમાપ ૩.મોટ્યપ

આ મૂર્તિ છે અલૌકી,અચ૦ । માનો માન મનનું મૂકી,અચ૦ ॥
આ મૂર્તિ નહીં કોય સરખી,અચ૦ । જુવો અંતર ઊંડું નીરખી,અચ૦ ॥૪૪॥
આ મૂર્તિનો મહિમાય,અચ૦ । કોટિ કવિયે કેમ કહેવાય,અચ૦ ॥
આ મૂર્તિનું પરમાણું[૧],અચ૦ । લખતાં કેણે[૨] ન લખાણું,અચ૦ ॥૪૫॥
કૈક કહિ કહિ કે'છે ઘણું,અચ૦ । બળ બહુ દેખાડે બુદ્ધિતણું,અચ૦ ॥
તોય જથારથ જાણવા,અચ૦ । નથી કોય જૂના નવા,અચ૦ ॥૪૬॥
એવી મૂર્તિ છે આજની,અચ૦ । હરિજનના સુખ સાજની[૩], અચ૦ ॥
સહુને[૪] પાર આવ્યા છે પોતે,અચ૦ । જન સુખિયા થાય સહુ જોતે,અચ૦ ॥૪૭॥
એહ મૂર્તિના પ્રસંગે,અચ૦ । કૈક સુખિયા થયા અંગે,અચ૦ ॥
એવી મૂર્તિ સુખમય સારી,અચ૦ । તે તો દ્વિજ ધર્મઘેર[૫] ધારી,અચ૦ ॥૪૮॥

૧.માપ ૨.કોઈથી ૩.સુખસામગ્રીની-સુખ માટેની ૪.સૌથી પર ૫.ધર્મદેવના ઘરે

ધન્ય ધન્ય દ્વિજ ધર્મકુમાર,અચ૦ । કર્યા બહુ જીવ ભવપાર,અચ૦ ॥
તે ગણતાં ન ગણાય,અચ૦ । કહ્યો મૂર્તિનો મહિમાય,અચ૦ ॥૪૯॥
મોટ્યપ કહેવા મૂર્તિ તણી,અચ૦ । હતી હામ[1] હૈયામાં ઘણી,અચ૦ ॥
પૂરી થઈ પામ્યો આનંદ,અચ૦ । એમ કહે નિષ્કુળાનંદ,અચ૦ ॥૫૦॥

**ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે સપ્ત ચિંતામણિઃ ॥૭॥**

**॥ ઇતિ હરિસ્મૃતિ સમાપ્ત ॥**

૧.હોંશ

# જનમંગલ નામાવલિ

INDEX

૦૧. ૐ શ્રી શ્રીકૃષ્ણાય નમઃ
૦૨. ૐ શ્રી વાસુદેવાય નમઃ
૦૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ
૦૪. ૐ શ્રી પ્રભવે નમઃ
૦૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ
૦૬. ૐ શ્રી અજન્મને નમઃ
૦૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ
૦૮. ૐ શ્રી નારાયણાય નમઃ
૦૯. ૐ શ્રી હરયે નમઃ
૧૦. ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ
૧૩. ૐ શ્રી ભક્તિનન્દનાય નમઃ
૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ
૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ
૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ
૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ
૧૮. ૐશ્રીકાલીભૈરવાદ્યતિભીષણાયનમઃ
૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ
૨૦. ૐ શ્રી જીતાહારાય નમઃ
૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ

INDEX

૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ
૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ
૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ
૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ
૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ
૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ
૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ
૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩. ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ
૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ
૩૫. ૐ શ્રી સ્વતન્ત્રાય નમઃ
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ
૩૭. ૐ શ્રી પાષંડોચ્છેદનપટવે નમઃ
૩૮. ૐ શ્રી સ્વસ્વરુપાચલસ્થિતયે નમઃ
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ

# INDEX

૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ

૪૮. ૐ શ્રીસાકારબ્રહ્મવર્ણનાયનમઃ

૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ

૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ

૫૧. ૐ શ્રીકાલદોષનિવારકાયનમઃ

૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ

૫૩. શ્રીસદ્યઃસમાધિસ્થિતિકારકાયનમઃ

૫૪. ૐશ્રીકૃષ્ણાર્ચાસ્થાપનકરાયનમઃ

૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ

૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ

૫૭. ૐ શ્રી પ્રકાશરુપાય નમઃ

૫૮. ૐ શ્રી નિર્દમ્ભાય નમઃ

૫૯. ૐ શ્રીસર્વજીવહિતાવહાયનમઃ

૬૦. ૐ શ્રી ભક્તિસમ્પોષકાય નમઃ

૬૧. ૐ શ્રી વાગ્મિને નમઃ

૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ

૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ

૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ

૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ

૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ

૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ

૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ

૬૯. ૐ શ્રી અપરાજિતાય નમઃ

૭૦. ૐશ્રીઆસમુદ્રાન્તસત્કીર્તયેનમઃ

**INDEX**

૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ
૭૩. ૐ શ્રી સહજાનન્દાય નમઃ
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫. ૐ શ્રી કન્દર્પદર્પદલનાય નમઃ
૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ
૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ
૭૮. ૐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ
૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ
૮૦. ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ
૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ
૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ
૮૩. ૐ શ્રી અરોષણાય નમઃ
૮૪. ૐ શ્રી દીર્ઘદર્શિને નમઃ
૮૫. ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ
૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ
૮૮. ૐ શ્રી ઋજવે નમઃ
૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ
૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ
૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ
૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ
૯૩. ૐ શ્રી ગુરવે નમઃ
૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ

## INDEX

૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ

૯૬. ૐ શ્રી મહાપુરુષાય નમઃ

૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ

૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ

૯૯. ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ

૧૦૦. ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ

૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ

૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ

૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ

૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ

૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ

૧૦૬. ૐ શ્રી સદાચારપ્રિયતરાય નમઃ

૧૦૭. ૐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમઃ

૧૦૮. ૐ શ્રી સર્વમંગલસદ્રુપ નાનાગુણવિચેષ્ટિતાય નમઃ

**ઇતિ શ્રીજનમંગલ નામાવલિ સમાપ્તા ॥**

❋ ❋ ❋ ❋ ❋

INDEX

# -: વચનામૃતસાર :-

"અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી. કાં જે, ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે, જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડવૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમનાં સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી." (વચ.ગ.પ્ર.-૧)

"અને જેમ હાથમાં ચિંતામણિ આવી ત્યારે તે ચિંતામણિને જતન કરીને રાખવી. કેમ જે, જો હાથમાં ચિંતામણિ છે તો જે પદાર્થને ઈચ્છશે તે પદાર્થને આપશે, તેમ ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિને

ઝાલી રાખવી. પણ તેને મૂકવી જ નહિ તો એને સર્વે વાતની સિદ્ધિ થશે." (વચ.ગ.મ.-૨૨)

"જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઉખડે નહિ તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતા દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે." (વચ.ગ.અં.-૭)

"આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીએ."

"માટે આવો અવસર આવ્યો છે તેને પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરવું અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થઈ ન શકે તોપણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત એવા જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું."(વચ.ગ.મ.-૪૮)

**હરિસ્મૃતિના પાઠની યાદી :-** વહાલા ભક્તજનો ! હરિસ્મૃતિના પાઠની યાદી રાખવા માટે નીચે આપેલ કોલમમાં જે પાઠ થાય તે કોલમમાં પેન્સિલથી ચોકડી કરવી. અહીં આપેલ કુલ ૨૫૧ પાઠથી વધારે કરવાના હોય તો ફરીવાર કંઈક જુદું નિશાન રાખીને યાદી રાખવી.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ |
| ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | ૫૦ | ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ |
| ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ | ૬૫ | ૬૬ | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ |
| ૭૧ | ૭૨ | ૭૩ | ૭૪ | ૭૫ | ૭૬ | ૭૭ | ૭૮ | ૭૯ | ૮૦ | ૮૧ | ૮૨ | ૮૩ | ૮૪ |
| ૮૫ | ૮૬ | ૮૭ | ૮૮ | ૮૯ | ૯૦ | ૯૧ | ૯૨ | ૯૩ | ૯૪ | ૯૫ | ૯૬ | ૯૭ | ૯૮ |
| ૯૯ | ૧૦૦ | ૧૦૧ | ૧૦૨ | ૧૦૩ | ૧૦૪ | ૧૦૫ | ૧૦૬ | ૧૦૭ | ૧૦૮ | ૧૦૯ | ૧૧૦ | ૧૧૧ | ૧૧૨ |
| ૧૧૩ | ૧૧૪ | ૧૧૫ | ૧૧૬ | ૧૧૭ | ૧૧૮ | ૧૧૯ | ૧૨૦ | ૧૨૧ | ૧૨૨ | ૧૨૩ | ૧૨૪ | ૧૨૫ | ૧૨૬ |
| ૧૨૭ | ૧૨૮ | ૧૨૯ | ૧૩૦ | ૧૩૧ | ૧૩૨ | ૧૩૩ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૬ | ૧૩૭ | ૧૩૮ | ૧૩૯ | ૧૪૦ |
| ૧૪૧ | ૧૪૨ | ૧૪૩ | ૧૪૪ | ૧૪૫ | ૧૪૬ | ૧૪૭ | ૧૪૮ | ૧૪૯ | ૧૫૦ | ૧૫૧ | ૧૫૨ | ૧૫૩ | ૧૫૪ |
| ૧૫૫ | ૧૫૬ | ૧૫૭ | ૧૫૮ | ૧૫૯ | ૧૬૦ | ૧૬૧ | ૧૬૨ | ૧૬૩ | ૧૬૪ | ૧૬૫ | ૧૬૬ | ૧૬૭ | ૧૬૮ |
| ૧૬૯ | ૧૭૦ | ૧૭૧ | ૧૭૨ | ૧૭૩ | ૧૭૪ | ૧૭૫ | ૧૭૬ | ૧૭૭ | ૧૭૮ | ૧૭૯ | ૧૮૦ | ૧૮૧ | ૧૮૨ |
| ૧૮૩ | ૧૮૪ | ૧૮૫ | ૧૮૬ | ૧૮૭ | ૧૮૮ | ૧૮૯ | ૧૯૦ | ૧૯૧ | ૧૯૨ | ૧૯૩ | ૧૯૪ | ૧૯૫ | ૧૯૬ |
| ૧૯૭ | ૧૯૮ | ૧૯૯ | ૨૦૦ | ૨૦૧ | ૨૦૨ | ૨૦૩ | ૨૦૪ | ૨૦૫ | ૨૦૬ | ૨૦૭ | ૨૦૮ | ૨૦૯ | ૨૧૦ |
| ૨૧૧ | ૨૧૨ | ૨૧૩ | ૨૧૪ | ૨૧૫ | ૨૧૬ | ૨૧૭ | ૨૧૮ | ૨૧૯ | ૨૨૦ | ૨૨૧ | ૨૨૨ | ૨૨૩ | ૨૨૪ |
| ૨૨૫ | ૨૨૬ | ૨૨૭ | ૨૨૮ | ૨૨૯ | ૨૩૦ | ૨૩૧ | ૨૩૨ | ૨૩૩ | ૨૩૪ | ૨૩૫ | ૨૩૬ | ૨૩૭ | ૨૩૮ |
| ૨૩૯ | ૨૪૦ | ૨૪૧ | ૨૪૨ | ૨૪૩ | ૨૪૪ | ૨૪૫ | ૨૪૬ | ૨૪૭ | ૨૪૮ | ૨૪૯ | ૨૫૦ | ૨૫૧ | |

**INDEX**

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા
પ્રકાશિત થયેલા નીચે મુજબના તમામ સદ્‌ગ્રંથો ફ્રીમાં ડાઉનલોડ પણ થઈ શકશે.

www.swaminarayanbhagwan.org

100% Free Download

## ગુજરાતી પુસ્તક....


૧. વચનામૃત *(Small, Medium, Big)*
૨. શ્રીહરિલીલામૃતમ્ (ભાગ : ૧ થી ૪)
૩. શ્રીહ.ચ.સાગર (ભાગ :૧ થી ૧૨)
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીની વાતો
૭. સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. જ્ઞાનદીપ (ભાગ : ૧ થી ૫)
૧૧. કીર્તનમાળા (ભાગ : ૧, ૨, ૩)
૧૨. કીર્તનસરોવર (નંદસંતો રચિત)
૧૩. કીર્તન દીપાવલી (ભાગ-૧)
૧૪. સાગર સાર (ભાગ : ૧ થી ૧૨)
૧૫. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૧૬. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૧૭. સદ્.શ્રીઅદ્‌ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૧૮. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૧૯. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૨૦. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૨૧. શ્રીહરિલીલામૃતગ્રંથ (શ્રીભૂમાનંદ સ્વામી કૃત)
૨૨. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૨૩. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૨૪. લીલાચરિત્રની વાતો (પ.ભ.શ્રીરામજી શેઠ કૃત)
૨૫. લીલાચિંતામણિ (પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત)
૨૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીપુરુષોત્તમલીલા
૩૦. શ્રીસ્વા.વિચરણલીલામૃત (પૂર્વાર્ધ,ઉત્તરાર્ધ)
૩૧. શ્રીસ્વા.ચરિત્ર ચિંતામણિ
૩૨. વાલપનાં વેણ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી)
૩૩. આધારાનંદ કીર્તનાવલી
૩૪. શિક્ષાપત્રી
૩૫. હરિસ્મૃતિ
૩૬. હરિરસામૃત
૩૭. નિત્યનિયમ
૩૮. શાંતિપાઠ
૩૯. સંત આખ્યાન
૪૦. ભક્તાખ્યાન
૪૧. વેદરસ
૪૨. સ્વાસ્થ્ય સુધા
૪૩. યમયાતના

૪૪. જનમંગલ
૪૫. કીર્તનસાર
૪૬. શ્રીજીની લીલા
૪૭. લોજપુર લીલા


## हिन्दी किताबें


१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
*( गुजराती अनुवाद के साथ )*
३. वात्सल्यामृतम्
*( वालपनां वेण : हिन्दी-मराठी )*
४. स्वास्थ्य सुधा


## संस्कृत प्रकाशन


१. सद्.श्रीगोपालानंदस्वामिविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
*( गुजराती अनुवाद के साथ )*


## English Publishing


1. Words of Affection (Valap na Ven)
2. Spiritual Leadership



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામના શ્રીમુખે ગવાયેલ કથા-કીર્તનોનો ઓડિયો-વિડિયો ફ્રીમાં ડાઉનલોડ કરી શકાશે.

www.swaminarayanbhagwan.org

YouTube Chennel: swaminarayanbhagwan1

100% Free Download


## ઓડિયો કીર્તન


૧. પ્રભાતિયાં ભાગ -૧,૨
૨. થયું સવાર
૩. જાગો રે ઘનશ્યામ
૪. ધ્યાન ચિંતામણિ
૫. અભિષેક
૬. શ્રીજી દયા કરો
૭. ભક્તિરસ
૮. પધારોને
૯. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા
૧૦. ઉપદેશરસ
૧૧. કુંડળના કીર્તનો ભાગ -૧,૨
૧૨. એકલડા કેમ રહેવાય
૧૩. મારા પ્રાણ પ્રીતમ
૧૪. છપૈયાપુરમાં
૧૫. મારા સહજાનંદ સ્વામી
૧૬. સુનોજી ગિરધારી
૧૭. ચાલોને લાલા
૧૮. તારી મીટે રે
૧૯. મંગલમૂર્તિ
૨૦. લાડકવાયા
૨૧. વડતાલમાં બિરાજ્યા
૨૨. પ્યારા
૨૩. વંદન...
૨૪. પીયુ પધાર્યા...
૨૫. મોર બોલે...
૨૬. વિનંતી
૨૭. મનવા
૨૮. મહારાજ !

## INDEX


૨૯. ઉત્તમ લગ્નગીત
૩૦. શ્રીજીના જોકરીયા
૩૧. પીયુડા
૩૨. વડતાલવાસી હરિકૃષ્ણ
૩૩. મહિમા
૩૪. રહેજો આનંદમાં
૩૫. વાલીડા
૩૬. વાલમ
૩૭. વાલા
૩૮. રાજાધિરાજ
૩૯. શ્રદ્ધાંજલી
૪૦. વિદાય
૪૧. રાસોત્સવ ભાગ - ૧ થી ૫
૪૨. વણથંભ્યો રાસ
૪૩. ઝૂલો મહારાજ
૪૪. નિરાળો રાસ
૪૫. ઓ ઘનશ્યામ (મહિલા વોઈસ)
૪૬. વિરહ
(પૂ.નિરંજનસ્વામી / સોલી કાપડીયા)
૪૭. તમે એક સાંભરો
૪૮. સહજાનંદી યુવાન
૪૯. બાલુડા
૫૦. સહજાનંદ
૫૧. વહાલો યુવાન
૫૨. અટલ પ્રતિજ્ઞા
૫૩. પોઢો પ્રાણ આધાર
૫૪. દૈન્ય
૫૫. સાગર ચોપાઈગાન ભાગ -૧,૨
૫૬. આરતી સંગ્રહ
૫૭. કીર્તનકુંભ - ભાગ ૧ થી ૬


### વિડિયો કીર્તન


૧. કરુણા તેરી
૨. અક્ષરધામની ગાડી
૩. લાડલો યુવાન
૪. સુખની ખાણી
૫. દિવ્ય દિવ્ય મહારાજ
૬. માધુરી મૂર્તિ (ભાગ-૧,૨)
૭. ગઢપુર મહિમા
૮. હે નાથ !
૯. શ્રીજીચાલીસા
૧૦. યુવાની છે એક શક્તિ
૧૧. જોઈએ તારો પ્યાર
૧૨. ઘનશ્યામ ચાલ
૧૩. આપકો પાના હે...
૧૪. મેં તેરે બલ જાઉં
૧૫. નેહરો નિભાય લિજો
૧૬. શું કહું કૃપા તમારી
૧૭. પ્રાર્થના


### કથા


૧. સત્સંગિજીવન
૨. હરિલીલામૃત
૩. નિષ્કુળાનંદ કાવ્ય (સંપૂર્ણ)
૪. શ્રીહરિચરિત્રામૃતસાગર (સંપૂર્ણ)
૫. સાગરસાર જ્ઞાનયજ્ઞ (સંપૂર્ણ)
૬. ભક્તચિંતામણિ
૭. ઘનશ્યામલીલામૃતસાગર
૮. ગોપાળાનંદ સ્વામીની વાતો

INDEX


૯. શ્રીલોએજ લીલા
૧૦. શિક્ષાપત્રી ભાષ્ય
૧૧. શ્રીમદ્ ભાગવત
૧૨. શ્રીવાસુદેવમાહાત્મ્યમ્
૧૩. સ્નેહ બાવની
૧૪. વિવેકશતક
૧૫. મૂર્ખશતક
૧૬. દોહા બત્રીસી
૧૭. બાવન અક્ષરી
૧૮. નારાયણગીતા
૧૯. પંચરત્ન
૨૦. અક્ષર બાવની
૨૧. સર્ગ નીસરણી
૨૨. વિવેક સાર
૨૩. ભક્તિસિધ્ધી
૨૪. ઐશ્વર્યપ્રકાશ
૨૫. હરિગીતા
૨૬. વન વિચરણ
૨૭. બુદ્ધિપ્રદીપ
૨૮. વિવેક ચિંતામણી
૨૯. ધ્યાનમંજરી
૩૦. વર્ણ વ્યવસ્થા
૩૧. લક્ષ્મીનારાયણ દેવનો મહિમા
૩૨. ભાલદેશ લીલા
૩૩. વડતાલધામનો મહિમા
૩૪. ઉત્તર હિંદુસ્તાનના પરચા
૩૫. શ્રીહરિનાં અસાધારણ ૧૩ લક્ષણો
૩૬. સવારનું ચિંતન - (શિબિર ૭ થી ૨૩)
૩૭. ભયનું સર્વોચ્ચ સામ્રાજ્ય
૩૮. મોક્ષનાં સાધનો
૩૯. કથામૃતમ્
૪૦. નૃસિંહાનંદ સ્વામીની ૭ વાતો
૪૧. શ્રીજી પધાર્યા સ્વધામમાં રે...
૪૨. લગ્ન શકુનાવલી
૪૩. સંત આખ્યાન
- આનંદાનંદ સ્વામી
- સિદ્ધાનંદ સ્વામી
- માયાતીતાનંદ સ્વામી
- નૃસિંહાનંદ સ્વામી
- અદ્ભુતાનંદ સ્વામી
- ભાયાત્માનંદ સ્વામી
- ઈશ્વરચરણદાસજી સ્વામી (વડનગર)
- મૂળજી બ્રહ્મ., જેરામ બ્રહ્મચારી
- સ્વરૂપાનંદ સ્વામી
- શુકાનંદ સ્વામી
- આધારાનંદ સ્વામી
- પ્રેમાનંદ સ્વામી
૪૪. ભક્ત આખ્યાન (૨૪ આખ્યાન)
- ઝીણાભાઈ
- અભેસિંહ (લોધિકા), માનસિંહ (મેંગણી)
- શિવલાલ શેઠ, ભગાદોશી
- રઘુવીરજી મહારાજ
- મીણબાઈ અને કાળુ મકવાણા
- જોબન પગી, રૂડિયો રખડું
- લાલાબાબુ, ગોપાલભાઈ

INDEX


## કીર્તન વિવેચન

૧. કીર્તન વિવેચન (૪૬ વિવેચનો)
- ધર્મકુંવર ઘનશ્યામજી...
- નિષ્કુળાનંદ સ્વામીનાં કીર્તન
- હરિભજતા...
- સહજાનંદ ગાઈએ...
- સંતસમાગમ...
- કોઉ કામ ન આવે...
- સહજાનંદ સુખકારી...
- શોભા શી કહું રે રૂડી...
- સહજાનંદ સનેહી સુખધામ છે...
- આનંદ આપ્યો અતિ ઘણો...
- મારે મોહન સંગે મેળાપ...
- ઓરા આવોને ધર્મકુમાર રે...
- પ્રભુ મને થાજે એવો...
- પ્રભુ સાથે કર્યને રે નર તું પ્રિતડી...
- પ્રતાપ પૂરણ પુરુષોત્તમ...
- સદ્‌ગુરુ સાચા રે...
- સહજાનંદ સિંધુ રે સખી...
- સલુણા શ્યામ એકવાર...
- શિલવંતા સાધુને...
- વાલા ભક્તિ-ધર્મસુત...
- વાત મેં તો વિચારી...
- આજ મારે ઓરડે રે...
- આવા ભગવાન નહિ મળે...
- અક્ષરના વાસી વાલો...
- ભજ્યો નહિ ભગવાન...
- ભૂમાનંદ સ્વામીનો કક્કો
- ભૂતળ ભક્તિ પદારથ મોટું...

## ધૂન

૧. ધૂન
૨. હરિસ્મરણ
૩. હરિનામ સંકીર્તન ધૂન
૪. સ્વામિનારાયણ ધૂન
૫. સ્વામિનારાયણ મહામંત્ર ધ્વની

## 3D Animation

૧. લીલાછમ વનમાં...
૨. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા
૩. આજ મારે ઓરડે
૪. 3D વચનામૃતો
૫. સ્વામિનારાયણ રાસ ભાગ-૧

## ઈન્સ્ટ્રુમેન્ટલ

૧. શ્રીસ્વા. મેડીટેશન (બાય ફ્લુટ) (ભાગ - ૧ થી ૩)
૨. સંગીતના સથવારે

## જનરલ

૧. ઘેર બેઠા તીર્થ (ભાગ-૧થી૪)
૨. કીર્તન સહ ધ્યાન (શિબિર-૧૪ થી ૨૬)
૩. સંત શિબિર
૪. દિવ્ય પ્રસંગો (શિબિર-૧૨,૧૪,૧૮)
૫. યુવા શિબિર-૧,૫,૬,૭,૮
૬. સત્સંગ દર્શન-૨૦૦૩
૭. અભિષેક દર્શન
૮. સાગર મહોત્સવ - ૨૦૧૭ (કુંડળધામ)
૯. ઉત્સવ-મહોત્સવ-૨૦૧૬
૧૦. હિંડોળા ઉત્સવ ૨૦૦૨ થી ૨૦૧૭
૧૧. હરિચરિત્રામૃત સાગર પુરશ્ચરણ (૧-૨)
૧૨. ભજનપ્રકાશ સ્વામી(કુંડળધામ)

# INDEX

## ઘરમંદિર સામગ્રી ફોટા


૧. શ્રીહરિકૃષ્ણ મહારાજ
૨. રાજાધિરાજ મહારાજ
૩. શ્રીસ્વામિનારાયણ ભગવાન
૪. શ્રીઘનશ્યામ મહારાજ
૫. પૂ.ગુરુજીના હરિકૃષ્ણ મહારાજ
૬. શિબિર-૨૫ સ્ટેજ મહારાજ
૭. ચરિત્રો
૮. છ ધામના દેવો તથા પ્રસાદીનાં સ્થાનો
૯. નંદસંતો તથા હરિભક્તો
૧૦. આચાર્ય મહારાજ
૧૧. ગુરુપરંપરા
૧૨. પૂ.ગુરુજી અને સંતો
૧૩. ઘરમંદિર માટેનાં સૂત્રો
૧૪. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા


## નાટક


૧. શૂન્ય
૨. રૂપાભાઈ


## ગુજરાતી ટેલીફિલ્મ


૧. ઘરધણી
૨. ઓવર અપેક્ષા
૩. ખોરાસાના રાજાભાઈ
૪. પ્રામાણિક ભક્ત


## हिन्दी टेलीफिल्म


१. केसर मियाँ
२. शेख मियाँ
३. डोसा ताई


## Applications


1. Satsang App


### Books


2. Vachanamrut
3. Shree Gopalanand Swami ni Vato
4. Satsang Books PDF
5. Swaminarayan Books
6. Kirtan Sar
7. Swaminarayan Nirnay
8. Kirtanmala


### Audio-Video


9. Meditation Music Swaminarayan
10. Purushottam Prakash Audio
11. Shree Hari Na Til-Chihn
12. Swaminarayan Kundaldham Radio
13. Swaminarayan Kirtan Kumbh


### Imges


14. Daily Darshan Wallpaper


### Games


15. Hari Game
16. Satsang Swaminarayan Game
17. Harismruti Swaminarayan Game
18. Hari Milap Game
19. Ghanshyam Puzzle
20. Sweet Ghanshyam


## Youtube Channel


1. Swaminarayanbhagwan1
2. Swaminarayan

જે પ્રેમથી અખંડ પ્રભુને સંભારે છે તે
પળે પળે બ્રહ્માંડ જેટલું સોનું કમાય છે.
આવી સર્વોત્તમ કમાણી આ 'હરિસ્મૃતિ'
ગ્રંથનો પાઠ કરનારને સહેજે જ થાય છે.

-પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

www.swaminarayanbhagwan.org
info@swaminarayanbhagwan.org
9601290051 swaminarayan
swaminarayanbhagwan

ISBN 978-93-83456-46-8
9 789383 456468

